RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 371 Dt. 16-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# ચાબહાર પોર્ટ પર અમેરિકાનો ભીષણ હુમલો

## ભારતના ડ્રીમ પ્રોજેક્ટ પર સંકટઃ કંટ્રોલ ટાવર તબાહ

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકાએ ઈરાનના ચાબહાર પોર્ટ પર બોમ્બમારો કરતાં મરીન ટ્રાફિક કંટ્રોલ ટાવરને નિશાન બનાવ્યો છે. આ ટાવરનો ઉપયોગ નાગરિક કાર્યો માટે થતો હતો. આ પોર્ટ ભારતનો મહત્ત્વનો પ્રોજેક્ટ છે, જે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાને જોડે છે.



૯ જુલાઈ પછીનો આ બીજો હુમલો છે, જેનાથી ભારતના પ્રોજેક્ટને અસર થવાની અને મોંઘવારી વધવાની ચિંતા છે. અમેરિકાએ ઈરાન સ્થિત ચાબહાર પોર્ટ પર ભયાનક બોંબમારો કર્યો છે. અહેવાલો મુજબ, અમેરિકન સેનાએ આ મહત્વપૂર્ણ બંદર પર આવેલા મરીન ટ્રાફિક કંટ્રોલ ટાવર પર મિસાઈલો ઝીંકતા ટાવર સંપૂર્ણપણે તબાહ થઈ ગયો છે. એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં આ સુવિધા પર અમેરિકાનો આ બીજો સીધો હુમલો છે. અમેરિકાએ દક્ષિણ ઈરાનના ચાબહારમાં સામાન્ય નાગરિકોના ઉપયોગવાળા મેરીટાઈમ કંટ્રોલ ટાવરને નિશાન બનાવ્યો છે.

વ્યૂહાત્મક દ્રષ્ટિએ આ પોર્ટ ઈરાન અને ભારત માટે ખૂબ જ મહત્ત્વનો છે. આ પોર્ટ હોર્મુઝ જળમાર્ગની બહાર ઊંડા પાણીમાં સ્થિત દેશનું એક માત્ર પોર્ટ છે, જે ઈરાનને ખાડી દેશોમાંથી પસાર થયા વિના સીધી હિંદ મહાસાગર સુધી પહોંચ આપે છે. તે ભારતની મદદથી બનેલા ચાબહાર કોરિડોરનું મુખ્ય કેન્દ્ર પણ છે, જે પાકિસ્તાનને સંપૂર્ણ બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાને જોડે છે. જોકે, આ હુમલો ભારતનો પ્રોજેક્ટ છે તે જ ચોક્કસ જગ્યા પર કરાયો છે કે કેમ તેની પુષ્ટિ થઈ શકી નથી.

### પોર્ટ પર બીજી વખત હુમલો

ચાબહાર પોર્ટ પર હુમલો થવો એ હોર્મુઝ ચેકપોઈન્ટની બહાર વેપાર કરવાની અને કામકાજ ચલાવવાની ઈરાનની ક્ષમતા પર સીધો પ્રહાર છે. ઈરાનના પોર્ટ્સ અને મેરીટાઈમ અફેર્સ ઑથોરિટીના જણાવ્યા મુજબ, હુમલાના કારણે વોચટાવરને મોટું માળખાગત નુકસાન થયું છે. આ ટાવરને ૯ જુલાઈએ થયેલા અગાઉના હુમલામાં પણ નુકસાન પહોંચ્યું હતું. આ ટાવરનો ઉપયોગ મુખ્યત્વે માછીમારોના રેસ્ક્યુ ઓપરેશન અને દરિયાઈ વેપારની સુરક્ષા જેવા નાગરિક કાર્યો માટે થતો હતો. હુમલાના કારણે પોર્ટ કોમ્પ્લેક્સમાં આવેલી બે ડોકિંગ સુવિધાઓને પણ નુકસાન થયું છે, જેના લીધે શહેર અને પોર્ટના કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ છે.

### ભારત માટે ચિંતાજનક સ્થિતિ

ચાબહાર પોર્ટ ભારતની વિદેશ નીતિ અને વ્યૂહાત્મક રમતનો એક અત્યંત મજબૂત ભાગ અને 'ડ્રીમ પ્રોજેક્ટ' રહ્યો છે. ભારતે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને રશિયા સુધી વ્યાપારી પહોંચ બનાવવા માટે અહીં મોટું રોકાણ કર્યું છે. મે ૨૦૨૪માં જ ભારતે ચાબહારના શાહિદ બેહેશ્તી ટર્મિનલને ૧૦ વર્ષ સુધી ઓપરેટ કરવા માટે લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતને આ મોટા પ્રોજેક્ટ પર અસર થવાનો અને ખાડી દેશોમાંથી તેલનો પુરવઠો ખોરવાવાને કારણે મોંઘવારી વધવાનો ગંભીર ડર સતાવી રહ્યો છે. બીજી તરફ, હોર્મુઝ જળમાર્ગને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે અને ઈરાને ઈસ્લામાબાદ શાંતિ વાર્તાનો અંત લાવવાની જાહેરાત કરી દીધી છે.

કુડનકુલમની સંવેદનશીલ ફાઈલો ડાર્ક વેબ પર લીક

# સૌથી મોટા ન્યૂક્લિયર પ્લાન્ટ પર સાયબર સંકટ

નવી દિલ્હી, તા. ૧૫

ભારતના સૌથી મોટા અને અત્યંત સુરક્ષિત ગણાતા તમિલનાડુ સ્થિત 'કુડનકુલમ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ'ની સુરક્ષાને લઈને એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. 'વર્લ્ડ લીક્સ' (World Leaks) નામના એક આંતરરાષ્ટ્રીય રેન્સમવેર ગ્રૂપે ડાર્ક વેબ પર આ પ્લાન્ટની કેટલીક અત્યંત સંવેદનશીલ બ્લૂપ્રિન્ટ્સ (નકશા) અને ડેટા લીક કરી દીધા હોવાનો દાવો કર્યો છે. હેકર્સના દાવા મુજબ આ ડેટા પ્લાન્ટના કોન્ટ્રાક્ટર અને અનિલ અંબાણીના 'રિલાયન્સ ગ્રૂપ' પાસેથી મેળવવામાં આવ્યો છે.



રિલાયન્સે પુષ્ટિ કરી છે કે તેમના થર્ડ-પાર્ટી સર્વર પ્રોવાઈડર 'યોટ્ટા' (Yotta) પર આંશિક ડેટા ભંગ (Partial Breach) થયો હતો. યોટ્ટાના જણાવ્યા મુજબ ૨૯ મેના રોજ સર્વર પર શંકાસ્પદ પ્રવૃત્તિ નોંધાતા તેને તાત્કાલિક અટકાવી દેવાઈ હતી. ડાર્ક વેબ પર જાહેર કરાયેલી રિલાયન્સની કુલ ૮,૫૮,૦૦૦ ફાઈલોમાંથી ૧૯,૦૦૦ ફાઈલો સૌથી વધુ સંવેદનશીલ માનવામાં આવે છે. તેમાં નિર્માણાધીન યુનિટ-૩ અને યુનિટ-૪ ની વેન્ટિલેશન/કૂલિંગ સિસ્ટમની બ્લૂપ્રિન્ટ્સ, કંટ્રોલ રૂમનો નકશો અને આતંકી હુમલા સામે રક્ષણ આપતી ૧૧૨ મિલિયનની ઈન્સ્યોરન્સ પોલિસીના દસ્તાવેજો સામેલ છે.સાયબર એક્સપર્ટ્સ અને 'ન્યૂક્લિયર થ્રેટ ઈનિશિયેટિવ'ના મતે, આ માહિતી ખોટા હાથોમાં જવાથી સુરક્ષા સાંકળની નબળાઈઓ શોધીને તેનો મોટો દુરુપયોગ થઈ શકે છે. આ ગંભીર ઘટનાની તપાસ ભારતની મુખ્ય સાયબર સુરક્ષા એજન્સી CERT-In દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત દેશના પરમાણુ પ્લાન્ટ્સનું સંચાલન કરતી સંસ્થા 'NPCIL' પણ આ લીક અંગે રિલાયન્સના સીધા સંપર્કમાં છે. આ એ જ ખતરનાક રેન્સમવેર ગ્રૂપ છે જેણે અગાઉ નાઈકી (Nike) અને ભારતના ટાટા ગ્રૂપ (Tata Group) ને પણ નિશાન બનાવ્યા હતા. તેઓ ખંડણી ન મળવા પર ચોરેલો ડેટા ડાર્ક વેબ પર મૂકી દે છે. અગાઉ ૨૦૧૯ માં પણ કુડનકુલમ પ્લાન્ટમાં ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા સાયબર હુમલો કરવામાં આવ્યો હતો.

૫ માસ્ટરપ્લાન પર કરી ચર્ચા, ચીનની વધશે મુશ્કેલી!

# ભારત-મ્યાનમાર વચ્ચે દિલ્હીમાં હાઈ-લેવલ બેઠક

નવી દિલ્હી, તા.૧૫

ભારતના ગજ્જબ અજીત ડોભાલે મ્યાનમારના સુરક્ષા વડા યૂ તિન આંગ સાન સાથે નવી દિલ્હીમાં ગુપ્ત બેઠક યોજી. બિમસ્ટેક સંમેલન દરમિયાન યોજાયેલી આ બેઠકમાં સરહદી સુરક્ષા, ઉગ્રવાદ અને ડ્રગ્સની હેરાફેરી અટકાવવા પર ભાર મુકાયો. ભારત-મ્યાનમાર સરહદ પર FMR નાબૂદ કરી વાડ બનાવવાની કામગીરી વચ્ચે આ મુલાકાત ચીન માટે પણ મહત્વની છે, જે મ્યાનમારને તેના પ્રભાવ હેઠળ રાખવા માંગે છે. ભારતના ગજ્જબ અજીત ડોભાલ અને મ્યાનમારના સુરક્ષા વડા યૂ તિન આંગ સાન વચ્ચે એક ગુપ્ત બેઠક યોજાઈ છે. આ બેઠકે સમગ્ર એશિયાના રાજકારણમાં ભારે ઉત્તેજના જગાવી દીધી છે. ભારત અને મ્યાનમાર વચ્ચે ૧,૬૪૩ કિલોમીટર લાંબી સરહદ લાગે છે. આ બોર્ડર પર વિના વિઝાની અવરજવરની છૂટ (FMR)ને ભારત પહેલા જ નાબૂદ કરી ચૂક્યું છે. હવે ત્યાં કાંટાળા તારની વાડ લગાવવાનું મોટું કામ ચાલી રહ્યું છે. આ મોટા નિર્ણયો વચ્ચે યોજાયેલી આ મુલાકાત સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

નવી દિલ્હીમાં ચાલી રહેલી બિમસ્ટેક (BIMSTEC)ના નેશનલ સિક્યોરિટી ચીફસની ૫ મી બેઠક દરમિયાન આ સમાચાર સામે આવ્યા છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલે મ્યાનમારના સુરક્ષા વડા યૂ તિન આંગ સાન સાથે બંધ બારણે બેઠક કરી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશોના આ ઉચ્ચ અધિકારીઓએ સરહદની સુરક્ષા અને પરસ્પર સૈન્ય સહયોગ વધારવાની યોજના પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં પૂર્વોત્તરમાં છુપાયેલા ઉગ્રવાદીઓથી લઈને ડ્રગ્સની હેરાફેરી અને મ્યાનમારમાં પગપેસારો કરી રહેલા ચીનને કાઉન્ટર કરવાનો સંપૂર્ણ પ્લાન તૈયાર કરાયો છે.

# ઈ... દુષ્કર્મનો પ્રયાસ જ છે : સુપ્રીમ

## સલવારનું નાડું ખેંચવું કે છાતી દબાવવી એ 'દુષ્કર્મની તૈયારી' નહીં, દુષ્કર્મનો પ્રયાસ જ છે... હાઈકોર્ટના ચુકાદા સુપ્રીમ કોર્ટે ફગાવ્યા

નવી દિલ્હી, તા. ૧૫

દેશભરની વિવિધ કોર્ટમાં જાતીય ગુનાખોરીનો ભોગ બનેલી મહિલાઓ અને બાળકો પ્રત્યે વધુ સંવેદનશીલતા અને ન્યાયિક સહાનુભૂતિ કેળવાય તે હેતુથી સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક અને અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળ જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે અલ્લાહાબાદ અને પટણા હાઈકોર્ટના વિવાદાસ્પદ ચુકાદાઓને ફગાવીને સ્પષ્ટતા કરી છે કે મહિલા કે સગીરા સાથે બળજબરી કરવી એ દુષ્કર્મનો પ્રયાસ જ ગણાય છે. સાથે જ કોર્ટે નેશનલ જ્યુડિશિયલ એકેડમી (NJA) દ્વારા તૈયાર કરાયેલી એક વ્યાપક ગાઈડલાઈનને દેશભરમાં તાત્કાલિક લાગુ કરવાનો આદેશ પણ આપ્યો છે.

આ સમગ્ર મામલાની શરૂઆત અલ્લાહાબાદ અને પટણા હાઈકોર્ટે યૌન અપરાધના કેસમાં આપેલા ચુકાદાથી થઈ હતી, જેને અનેક નિષ્ણાતોએ સંવેદનહીન ગણાવ્યા હતા. અલ્લાહાબાદ હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે, સગીરાના સલવારનું નાડું ખોલવાનો પ્રયાસ કરવો



કે છાતી દબાવવી તે માત્ર બળાત્કાર કરવાની 'તૈયારી' (Preparation) ગણાય, પરંતુ 'દુષ્કર્મનો પ્રયાસ' (Attempt to Rape) ન ગણાય.પટણા હાઈકોર્ટે પણ અગાઉ એક કેસમાં આવું જ વલણ અપનાવી આરોપી સામેની કલમ ૩૭૬/૫૧૧ (દુષ્કર્મનો પ્રયાસ) હેઠળની સજા રદ કરી દીધી હતી.આ બાબત ધ્યાનમાં આવતા સુપ્રીમ કોર્ટે સુઓ મોટો કાર્યવાહી હાથ ધરી હતી અને બંને હાઈકોર્ટના આ ચુકાદાઓને 'સ્પષ્ટપણે ભૂલભરેલા' (Noticeably Erroneous) અને ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતોથી તદ્દન વિપરીત ગણાવ્યા હતા.

### સુપ્રીમ કોર્ટે કાયદો સમજાવ્યોઃ 'તૈયારી' અને 'પ્રયાસ' વચ્ચેનો ભેદ

સુપ્રીમ કોર્ટે મહત્ત્વની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, બળાત્કારની 'તૈયારી' અને 'પ્રયાસ' વચ્ચે પાતળી ભેદરેખા છે. જ્યારે આરોપી સગીરાની સલવારનું નાડું ખોલવાનો કે ખેંચવાનો પ્રયાસ કરે છે, ત્યારે તે બળાત્કાર કરવાની માત્ર તૈયારીના સ્ટેજ પર નથી રહેતો, પરંતુ ગુનો આચરવાની દિશામાં આગળ વધી ચૂક્યો હોય છે, જે સીધો જ 'બળાત્કારનો પ્રયાસ' ગણાય છે. આ મજબૂત તર્ક સાથે સુપ્રીમ કોર્ટે આરોપીઓ વિરુદ્ધ પોક્સો (POCSO) ઍક્ટ અને આઈપીસી હેઠળ બળાત્કારના પ્રયાસના આરોપો અને સજાને પુનઃસ્થાપિત કરી દીધા છે.

### ન્યાયિક ભાષા અને પોલીસની સંવેદનશીલતા માટે કડક સૂચના

સુપ્રીમ કોર્ટે ન્યાયિક આદેશોમાં વપરાતી ભાષા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ચુકાદા લખતી વખતે ન્યાયાધીશોએ શબ્દોની પસંદગીમાં અત્યંત ગરિમા જાળવવી જોઈએ. મહિલાઓ અને બાળકો પ્રત્યે અસંવેદનશીલ અને પૂર્વગ્રહયુક્ત ભાષાનો પ્રયોગ ન થવો જોઈએ.આ ગાઈડલાઈન્સ માત્ર કોર્ટો પૂરતી સીમિત ન રહેતા છેક નીચેના સ્તર સુધી પહોંચાડવાનો આદેશ અપાયો છે. રાજ્યના તમામ ડિરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશનને આ ગાઈડલાઈન્સ મોકલાશે અને પોલીસ કર્મચારીઓને ખાસ તાલીમ અને સંવેદનશીલતા કેળવવાની સૂચના અપાશે. આનાથી એફઆઈઆર નોંધતી વખતે અને ચાર્જશીટ ફાઈલ કરતી વખતે પીડિતોની ગરિમા જળવાઈ રહેશે. બાળ અધિકારો માટે લડતી સંસ્થાઓ તેમજ દેશના જાણીતા વકીલોએ સુપ્રીમ કોર્ટના આ ઐતિહાસિક નિર્ણય અને ગાઈડલાઈન્સને દિલથી આવકારી છે. હવે અદાલતોમાં પીડિત મહિલાઓ અને બાળકોને અપમાનજનક ટિપ્પણીઓ વિના ગરિમા સાથે ન્યાય મળી શકશે.

દેશના આર્થિક અને માળખાગત વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા નિર્ણય

# છ પ્રોજેક્ટ્સ માટે ૨.૧૯ લાખ કરોડના બજેટને મંજૂરી

નવી દિલ્હી, ૧૫

કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે દેશના આર્થિક અને માળખાગત વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે એક ઐતિહાસિક બેઠક યોજી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી આ કેબિનેટ બેઠકમાં મોબાઈલ ઉત્પાદન, સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ (યુરિયા) અને રેલવે જેવા મહત્વના ક્ષેત્રો માટે કુલ ૬ મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ તમામ પ્રોજેક્ટ્સ માટે કેન્દ્ર સરકારે કુલ રૂ. ૨.૧૯ લાખ કરોડથી વધુના જંગી બજેટને લીલી ઝંડી આપી દીધી છે, જે ભારતને 'આત્મનિર્ભર' અને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં એક મોટું કદમ છે.

દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે સરકારે 'સેમિકોન ૨.૦' (બીજા તબક્કા) ની જાહેરાત કરી છે.આ મિશન માટે રૂ. ૧.૨૭ લાખ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.આ ઐતિહાસિક નિર્ણયથી દેશમાં અંદાજે રૂ. ૪ લાખ કરોડનું માતબર રોકાણ આવશે અને યોજનાના ગાળા દરમિયાન દેશમાં રૂ. ૨ લાખ કરોડના મૂલ્યના સેમિકન્ડક્ટરનું ઉત્પાદન થશે.સેમિકોન ૨.૦ ના છ મુખ્ય સ્તંભો નક્કી કરાયા છે, જેમાં પ્રથમ સ્તંભ 'ચિપ ડિઝાઈન'નો રહેશે. આ ઉપરાંત ચિપ ઉદ્યોગ માટે જરૂરી ખનિજો અને ગેસ જેવા કાચા માલના સપ્લાયર્સને પણ ખાસ પ્રોત્સાહન અપાશે. નોંધનીય છે કે, અગાઉ સેમિકોન ૧.૦ હેઠળ રૂ. ૭૬,૦૦૦ કરોડ ફાળવાયા હતા, જેમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા મોટું રોકાણ કરવામાં આવ્યું છે.

ભારતીય ફોન બ્રાન્ડનો વૈશ્વિક સ્તરે વિકાસ કરવા અને સ્થાનિક ઉત્પાદન વધારવાના હેતુથી સરકારે



ભારતને 'આત્મનિર્ભર' અને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં એક મોટું કદમ

મોબાઈલ મેન્યુફેક્ચરિંગ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (ડ્કઈ) યોજનાના બીજા તબક્કાને મંજૂરી આપી છે. આ માટે રૂ. ૬૨,૫૦૦ કરોડ મંજૂર કરાયા છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૩૦-૩૧ એમ પાંચ વર્ષ માટે લાગુ રહેશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ યોજનાથી આગામી સમયમાં આશરે રૂ. ૧૫ લાખ કરોડની નિકાસ થશે અને ૬૦,૦૦૦ થી વધુ પ્રત્યક્ષ રોજગારીની નવી તકો ઊભી થશે. વારાણસી (કાશી) માં દર વર્ષે આશરે ૧૫ કરોડ પ્રવાસીઓ આવે છે. શહેરની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે બે મોટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભેટ આપવામાં આવી છે. ૧૪,૪૪૭.૬૪ કરોડના ખર્ચે ગઈ-૧૯ અને વારાણસી રિંગ રોડ વચ્ચે નવો ૬-લેન એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવશે.૧૦,૯૯૮.૩૨ કરોડના ખર્ચે ગઈ-૩૧ ને વારાણસી રિંગ રોડ સાથે જોડતો ૪૩.૨૧૮ કિલોમીટર લાંબો (૬ અને ૪ લેનનો) નવો એલિવેટેડ કોરિડોર મંજૂર કરાયો છે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા મુજબ, વરુણા નદી અને ગંગા નદીની સમાંતર બનનારા આ બંને એલિવેટેડ કોરિડોર કાશીના ટ્રાફિકનું સંપૂર્ણ નિવારણ લાવશે.યુરિયા ઉત્પાદનમાં સરકારનો મોટો નિર્ણય જાહેર થયો છે. કૃષિ ક્ષેત્રે ખાતરની જરૂરિયાતો પૂરી કરવા માટે કેબિનેટે 'રાષ્ટ્રીય રોકાણ નીતિ-૨૦૨૬' ને મંજૂરી આપી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં ૧ કરોડ ટન વધારાની યુરિયા ઉત્પાદન ક્ષમતા ઊભી કરવાનો છે. ભારતને યુરિયા ખાતરના મામલે સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવા માટે દેશમાં કુદરતી ગેસ પર આધારિત ૮ થી ૯ નવા યુરિયા પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

### રેલવેનું આધુનિકીકરણઃ બે મોટા પ્રોજેક્ટ્સને લીલી ઝંડી

કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA) દ્વારા રેલવે મંત્રાલયના બે અતિમહત્વના પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩,૯૦૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા છેઃ ૧. પારા દીપ-હરિદાસપુર રૂટઃ આ રેલવે લાઈનનું ડબલિંગ (બેવડીકરણ) કરવામાં આવશે. ૨. રાજખરસાવાં-ડાંગોઆપોસી રૂટઃ આ રૂટ પર નવી ચોથી રેલવે લાઈનનું નિર્માણ કરવામાં આવશે. આ ટ્રેક વિસ્તરણથી રૂટ પર ટ્રેનોની ઝડપ વધશે, ભીડભાડ ઓછી થશે અને રેલવેની સેવાઓ વધુ નિયમિત તેમજ સમયસર બનશે. કેન્દ્ર સરકારના આ ૬ મોટા અને ઐતિહાસિક નિર્ણયો દર્શાવે છે કે સરકાર ટેકનોલોજી, કનેક્ટિવિટી અને ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. આ પ્રોજેક્ટ્સ ભારતના અર્થતંત્રને નવી દિશા અને ગતિ પ્રદાન કરશે.

# જન્મદિવસે પ્રજાલક્ષી કાર્યોમાં વ્યસ્ત રહ્યા CM

## રાજ્યના 'મૃદુ અને મક્કમ' મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અનોખી કર્તવ્યનિષ્ઠા





ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સુકાની તરીકે પોતાની એક આગવી જનહિતલક્ષી અને સંવેદનશીલ છબિ ઊભી કરી છે. તેઓ હંમેશા પ્રજાના પ્રશ્નોને પ્રાધાન્ય આપીને 'મૃદુ અને મક્કમ' નેતા તરીકેની વ્યાપક લોકચાહના મેળવી ચૂક્યા છે. સામાન્ય રીતે લોકો પોતાના જન્મદિવસની ઉજવણી ઉત્સવના માહોલમાં કરતા હોય છે, પરંતુ ગુજરાતના આ જનસેવકે પોતાના જન્મદિવસે પણ અંગત ઉજવણીઓને બદલે રાજ્યના વિકાસ અને પ્રજાની સુખાકારીને જ અગ્રતા આપીને પોતાની અનોખી કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. બુધવારે તેમના જન્મદિવસ નિમિત્તે તેઓ સમગ્ર દિવસ દરમિયાન સરકારી કામકાજ અને વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષામાં જ સતત વ્યસ્ત જોવા મળ્યા હતા.

એક સાચા જનસેવકને શોભે તે રીતે, મુખ્યમંત્રીશ્રીએ પોતાના જન્મદિવસની શરૂઆત કોઈ ઔપચારિક ઉજવણીથી કરવાને બદલે રાજ્ય મંત્રીમંડળની (કેબિનેટ) બેઠકથી કરી હતી. રાજ્યના વિકાસ કાર્યો અને નીતિગત નિર્ણયોને સમયસર આગળ વધારવાના હેતુથી તેમણે સવારથી જ પોતાની જવાબદારીઓ સંભાળી લીધી હતી. આ બાબત દર્શાવે છે કે તેમના માટે રાજ્યનો વિકાસ અને વહીવટી પ્રક્રિયા કેટલી મહત્વપૂર્ણ છે. કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ પણ તેઓ સતત વિવિધ વિભાગોની બેઠકોમાં કાર્યરત રહ્યા હતા. રાજ્યના નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળે અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે મુખ્યમંત્રીશ્રીએ દિવસભર સમીક્ષા બેઠકોનો દોર ચલાવ્યો હતો. તેમણે ખાસ કરીને શહેરી વિકાસ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના અન્ય વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરી અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી. આખો દિવસ ચાલનારા આ બેઠકોના સત્રમાં તેમણે જનસુવિધા અને સુખાકારી માટેના કામોનું ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું હતું. લોકોના પ્રશ્નોના ઝડપી ઉકેલ અને વહીવટી પારદર્શિતા વધારવા માટેના તેમના આ સક્રિય અભિગમે તેમની લોકચાહનાને વધુ પ્રબળ બનાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માત્ર ઓફિસમાં બેસીને સમીક્ષા કરવા પૂરતું સીમિત ન રહેતા, વિકાસ કાર્યોનું ગ્રાઉન્ડ ઝીરો પર જઈને નિરીક્ષણ પણ કર્યું હતું. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અને દેશના સૌથી મોટા આધુનિક ફાઈનાન્સિયલ હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલા 'ગિફ્ટ સિટી' (GIFT City) ની રૂબરૂ સ્થળ મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે હાલમાં કાર્યરત અને પ્રગતિ હેઠળના વિવિધ ફ્લેગશીપ પ્રોજેક્ટ્સની વરિષ્ઠ અધિકારીઓ સાથે મળીને ઊંડાણપૂર્વક સમીક્ષા હાથ ધરી હતી. પ્રોજેક્ટની કામગીરી સમયસર અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે માટે તેમણે સ્થળ પર જઈને સીધું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાષ્ટ્રીય દિગ્ગજો તરફથી શુભેચ્છાઓનો ધોધ

મુખ્યમંત્રીભલે પોતાના કામમાં વ્યસ્ત રહ્યા, પરંતુ તેમના જન્મદિવસ નિમિત્તે દેશભરમાંથી તેમના પર શુભેચ્છાઓનો વરસાદ થયો હતો. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સહિત જુદા જુદા રાજ્યોના રાજ્યપાલશ્રીઓ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ તેમજ પદાધિકારીઓએ તેમને ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત, સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ પણ તેમને શુભકામનાઓ આપી હતી. સૌએ એકસુરે એવી લાગણી વ્યક્ત કરી હતી કે ગુજરાતના અવિરત અને સર્વાંગી વિકાસમાં મુખ્યમંત્રીશ્રીનું મહામૂલું યોગદાન સતત મળતું રહે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના જન્મદિવસે ''કર્મ હી પૂજા'' ના મંત્રને સાર્થક કર્યો છે. રાજ્યના વિકાસ પ્રત્યેની તેમની આ અડગ નિષ્ઠા અને અવિરત પરિશ્રમ દર્શાવે છે કે ગુજરાતનું સુકાન એક અત્યંત સુરક્ષિત, સંવેદનશીલ અને નિષ્ઠાવાન નેતાના હાથમાં છે.

# સચિવાલયમાં વધારાઈ અધિકારીઓની સંખ્યા

### રાજ્ય સરકારે સેક્શન ઑફિસરના ૨૮ નવા પદોને મંજૂરી આપી; મુખ્યમંત્રી કાર્યાલય સહિત ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓને મળશે વધારાનું કાર્યબળ



ગાંધીનગર, તા.૧૫

રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેક્શન ઑફિસર (વર્ગ-૨)ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ સેક્શન ઑફિસરના મંજૂર પદો ૬૦૬થી વધારીને ૬૩૪ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી સરકારી ફાઈલોના નિકાલની ગતિ વધશે, નીતિગત નિર્ણયોનું અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરિકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અનુસાર નવી કેડર રચનામાં મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) સહિત રાજ્યના ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાનું કાર્યબળ મળશે. આ ઉપરાંત; મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સહિતની કેટલીક મહત્વની કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં વધતી વહીવટી જવાબદારીઓ અને ફાઈલોના ભારને ધ્યાનમાં રાખીને કેડર સ્ટ્રેન્થની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તેના આધારે પદોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેથી વિભાગો વચ્ચે નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બની શકે.નોંધનીય છે કે રાજ્ય સરકારે ચાલુ વર્ષ દરમિયાન સચિવાલય સંવર્ગના ૮૬ નાયબ સેક્શન અધિકારીઓ (વર્ગ-૩)ને બઢતી આપી સેક્શન ઑફિસર (વર્ગ-૨) તરીકે નિયુક્ત કર્યા છે.

નવા પદો અને બઢતીના કારણે સચિવાલયમાં અધિકારીઓની ઉપલબ્ધતા વધશે, જેના પરિણામે ફાઈલોના નિકાલની પ્રક્રિયામાં ગતિ આવશે અને સરકારી સેવાઓ વધુ કાર્યક્ષમ બનશે. વધતા વિકાસલક્ષી પ્રોજેક્ટ, નવી યોજનાઓ અને વિભાગીય કામગીરીના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય રાજ્યના વહીવટી તંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# 'અશાંત ધારા' હવે 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે ઓળખાશે,

### મિલકત વેચાણના નિયમો વધુ કડક કરાયા, ગુજરાત સરકારનો મોટો નિર્ણય

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકારે રાજ્યમાં કોમી સૌહાર્દ જાળવી રાખવા અને મિલકતોના ગેરકાયદેસર ટ્રાન્સફરને અટકાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કર્યું છે. આ નવા નોટિફિકેશન મુજબ, હવેથી કાયદાકીય પ્રક્રિયામાં પ્રચલિત 'અશાંત ધારા' શબ્દને બદલે 'સ્પેસિફાઈડ એરિયા' શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ આવા વિસ્તારોમાં મિલકતની તબદીલી (ટ્રાન્સફર) પ્રક્રિયાને વધુ પારદર્શક અને કડક બનાવવા માટે નવી જોગવાઈઓ અમલમાં મૂકવામાં આવી છે. સરકારના નવા નોટિફિકેશન અંતર્ગત કેટલાક શબ્દપ્રયોગોમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં હવેથી 'અશાંત ધારા' (Disturbed Areas) શબ્દ પ્રચલિત નહીં રહે, તેની જગ્યાએ 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો સત્તાવાર ઉપયોગ કરવામાં આવશે.કાયદાકીય પ્રક્રિયામાં 'ભોગ બનનાર' વ્યક્તિ માટે હવે 'પર્સન અગ્રીવડ' (Person Aggrieved) જેવા શબ્દો પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કોઈપણ વિસ્તારને સીધી રીતે 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરવાને બદલે હવે એક ખાસ 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે. જે વિસ્તારોમાં કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના જણાતી હોય, તેવા વિસ્તારો અંગે આ કમિટી તપાસ કરશે. આ કમિટીની સલાહ અને ભલામણોના આધારે જ રાજ્ય સરકાર તે વિસ્તારને ખાસ ધ્યાન હેઠળ રાખીને 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે જાહેર કરશે.

નવા નિયમો હેઠળ, 'સ્પેસિફાઈડ એરિયા'માં આવતી મિલકતોના વેચાણ અંગેની પ્રક્રિયાને અત્યંત કડક કરવામાં આવી છે. જેમાં મિલકતોના વેચાણ અને તબદીલી બાબતે હવે સીધી કલેક્ટર કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવશે.આ તપાસ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની ખાસ રચના કરવામાં આવશે. તેમજ વિસ્તારમાં કોમી તણાવ કે શાંતિ ભંગ થવાની કોઈ શક્યતા નથી અને વેચાણ યોગ્ય રીતે થઈ રહ્યું છે, તેની SIT દ્વારા સઘન તપાસ થયા બાદ જ મિલકત વેચાણની અંતિમ મંજૂરી આપવામાં આવશે.

મિલકત વેચાણમાં ગેરરીતિ અટકાવવા કડક દંડાત્મક જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ મિલકતનું ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યું હોવાનું જણાશે, તો તેવા કિસ્સામાં ટ્રાન્સફર તાત્કાલિક રદ કરવામાં આવશે. એટલું જ નહીં, આવા કિસ્સામાં ખરીદનાર વ્યક્તિએ છ માસની અંદર રકમ પરત કરી મિલકતનો કબ્જો મૂળ માલિકને સોંપવાનો રહેશે.

### ગુજરાતને બાગાયત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે

# 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ' મેળવતું ગુજરાત

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્યે કૃષિ અને ખાસ કરીને બાગાયતી ખેતીમાં કરેલા અદભૂત વિકાસની રાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં ગુજરાત સરકારના કૃષિ વિભાગને વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યું છે. આ ગૌરવપ્રદ એવોર્ડને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જ્યાં સમગ્ર મંત્રીમંડળે કૃષિ વિભાગ અને રાજ્યના ખેડૂતોની આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવી હતી.

**રાજ્ય મંત્રીમંડળમાં ગૌરવપૂર્ણ પ્રસ્તુતિ**

નવી દિલ્હી ખાતે આયોજિત ૧૭માં એગ્રીકલ્ચર લીડરશીપ કોન્કલેવમાં આ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહના વરદ હસ્તે ગુજરાતના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. ગુજરાતે છેલ્લા કેટલાક વર્ષોમાં બાગાયત (Horticulture) ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ, ખેડૂતો માટેની કલ્યાણકારી યોજનાઓ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન વધારવા માટે જે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, તેના ફળસ્વરૂપે રાજ્યને આ રાષ્ટ્રીય કક્ષાનું બહુમાન પ્રાપ્ત થયું છે.

નવી દિલ્હીથી એવોર્ડ પ્રાપ્ત કર્યા બાદ, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાએ ગુજરાતને મળેલા આ ગૌરવશાળી એવોર્ડને મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને અન્ય તમામ કેબિનેટ મંત્રીઓ સમક્ષ ગર્વભેર પ્રસ્તુત કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળે કૃષિ વિભાગના અધિકારીઓ, કર્મયોગીઓ અને ખાસ કરીને રાજ્યના મહેનતુ ખેડૂતોને આ ગૌરવ સિદ્ધિ માટે હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી દિશાદર્શન અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રે અનેક નવતર પહેલો અને પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા છે. નવીન ખેત પદ્ધતિઓ, સિંચાઈની સુવિધાઓ અને સ્માર્ટ ફાર્મિંગના પરિણામ સ્વરૂપે ગુજરાત સતત કૃષિ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે.નોંધનીય છે કે, ગુજરાત માટે આ પ્રકારની આ પહેલી સિદ્ધિ નથી. આ અગાઉ પણ કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને ખેડૂતલક્ષી અભિગમ માટે ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો છે. ગુજરાતે અગાઉ ૨૦૦૯, ૨૦૧૭ આને ૨૦૧૮

એમ ત્રણેય વર્ષોમાં પણ 'શ્રેષ્ઠ કૃષિ રાજ્ય' તરીકેના એવોર્ડ્સ પ્રાપ્ત કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરેલી છે. જાહેર કરાયેલી વધુ વિગતોમાં આવો એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ - ૨૦૨૬ બાગાયત ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવ્યો છે ૧૭મો એગ્રીકલ્ચર લીડરશીપ કોન્કલેવ નવી દિલ્હી ખાતે યોજાયો હતો. રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા એવોર્ડ એનાયત થતા કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્વીકાર્યો હતો. આ નવો એવોર્ડ ગુજરાતના ખેડૂતોની સખત મહેનત અને રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિઓનું ઉત્તમ ઉદાહરણ છે, જે આવનારા સમયમાં રાજ્યના કૃષિ વિકાસને વધુ વેગવંતો બનાવશે.

# RNSBના મંડળો વચ્ચે સેલેરી સેટલમેન્ટ મંજૂર

## નાગરિક બેંક પારિવારિક અને સૌનું ધ્યાન રાખતી સંસ્થા : દિનેશભાઈ પાઠક



રાજકોટ, તા.૧૫

મંડળનું પ્રતિનિધિત્વ બુદ્ધિશાળી છે. સંસ્થાના હિતમાં જ કામ કરે છે : વિનોદ શર્મા રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં કાર્યરત જાગૃત કર્મચારી મંડળ અને બેંક સંચાલક મંડળ વચ્ચે તા. ૧ જુલાઇ ૨૦૨૬થી અમલમાં આવે તે રીતે કર્મચારી સેલેરી સેટલમેન્ટ મંજૂર થયું છે. અગાઉનું સેટલેમેન્ટ તા. ૩૦ જૂન ૨૦૨૬ના રોજ પૂર્ણ થતું હતું. ઘણી બધી સંસ્થામાં સમય પૂર્ણ થઈ જાય તેના છ-બાર માસ કે બે-ચાર વર્ષ વીતી જાય તો પણ સેટલમેન્ટ થતું ન હતું જ્યારે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં સમય અવધિ પૂર્ણ થાય તે પહેલા સેટલમેન્ટ મંજૂર થયું છે. જે સંસ્થાના વિકાસ માટે સારી નિશાની દર્શાવે છે.

બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, આપણી બેંક પારિવારિક સંસ્થા છે હંમેશા સહુનું ધ્યાન રાખે છે. સહુના સુખ દુઃખમાં આપણે સહુ સાથે જ છીએ. આપણે સહુએ આપણી ઓળખ એવી રીતે આપવી જોઈએ કે રૂ. ૧૨,૦૦૦ કરોડનો બિઝનેસ મિક્સવાળી બેંકમાં હું કામ કરું છું અથવા તો ગુજરાતની ટોપ-૫ સહકારી બેંકમાં કામ કરું છું. આનાથી આપણે કેવડી મોટી સંસ્થામાં કામ કરીએ છીએ તેની લોકોને માહિતી મળે છે. આપણે પણ આ રીતે ઓળખ આપીએ અને અન્ય કર્મચારીને પ્રેરણા આપીએ. નાગરિક બેંક, આપણી બેંક સૂત્રને અપનાવીએ. કામમાં દક્ષતા લાવીએ, ભૂલ ન કરીએ. ચૂકની જગ્યા ન રાખીએ. સમયસર કામ કરીએ. ગ્રાહકને સંતોષ થાય અને મજા આવે તેવું વાતાવરણ પૂરું પાડીએ. તેમની વાત સાંભળીએ.

જાગૃત કર્મચારી મંડળના પ્રમુખ વિપુલભાઈ દવેએ જણાવ્યું હતું કે, અમોને ક્યારેય એવું લાગ્યું નથી કે કર્મચારી મંડળ અને સંચાલકો અલગ-અલગ છીએ. એક કુટુંબના વડીલ પાસે આપણી વાત કરી શકીએ તેવા જ ભાવ અને લાગણી સાથે હંમેશા આપને મળીએ છીએ. વાદ નહીં સંવાદ જ હોય છે. સંસ્થાના વિકાસમાં સદાય સક્રિય છીએ. બેંકના જનરલ મેનેજર અને સીઈઓ વિનોદ શર્માએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, મંડળનું પ્રતિનિધિત્વ બુદ્ધિશાળી છે. ક્યારેય ખોટી કે એક તરફી વાત કરતું નથી. સંસ્થા હિતમાં જ કામ કરે છે અને એટલે જ આપણી બેંક અવિરત પ્રગતિ કરી રહી છે.

કાર્યક્રમમાં બેંક પરિવારમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઈ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી સીએ. ચંદ્રેશભાઈ ધોળકિયા, માધવભાઈ દવે, અશોકભાઇ ગાંધી, હસમુખભાઇ ચંદારાણા, મંગેશજી જોશી, કીર્તિદાબેન જાદવ, જ્યોતિબેન ભટ્ટ, વિક્રમસિંહ પરમાર, સીએ. ભૌમિકભાઈ શાહ, સીએ. બ્રિજેશભાઈ મલકાણ, સીએ. દીપકભાઈ બકરાણીયા, ચિરાગભાઈ રાજકોટિયા, દેવાંગભાઈ માંકડ, હસમુખભાઇ હિંડોચા, ડો. એન. જે. મેઘાણી, લલિતભાઈ વોરા, શૈલેશભાઈ મકવાણા (કો ઓપ્ટ), વિનોદ શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), રજનીકાંત રાયચૂરા (ડીજીએમ), ભાવેશભાઈ રાજદેવ (સેટલમેન્ટ કમિટી), અલ્પેશભાઈ વ્યાસ (ચીફ મેનેજર-એચઆર), જાગૃત કર્મચારી મંડળના વિપુલભાઈ દવે (પ્રમુખ), તૃપ્તિબેન જોશી (ઉપપ્રમુખ), ભરતભાઇ કુંવરીયા (મંત્રી), જીજ્ઞેશભાઈ દવે (સહમંત્રી), રોપેશભાઈ દેવાણી (ખજાનચી), રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.માંથી આકાશભાઈ વાછાણી (પ્રમુખ), કાજલબેન તન્ના (ઉપપ્રમુખ), મનસુખભાઇ ગજેરા (મંત્રી) ઉપરાંત ઉમેદભાઈ જાની (સ્ટાફ રિલેશન અધિકારી) ઉપસ્થિત રહ્યા હતા.



### ખામીને કારણે ટ્રેન ત્રણ કલાક મોડી પડતા મુસાફરો હેરાન

# 'નમો રેપિડ ટ્રેન'માં મધરાત્રે વીજળી ગુલ

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદથી ભુજ આવી રહેલી 'નમો રેપિડ ટ્રેન'માં ગત મોડી રાત્રે અચાનક ટેકનિકલ ખામી સર્જાતા ટ્રેન અધવચ્ચે જ થંભી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, રાત્રે ૧૧:૧૫ વાગ્યાની આસપાસ ભુજથી માત્ર ૨૮ કિલોમીટર દૂર કુકમા સ્ટેશન નજીક પાવરની સમસ્યા (વીજળી ગુલ) થવાને કારણે ટ્રેનનું એન્જિન બંધ પડી ગયું હતું. આ ખામીના કારણે ટ્રેન તેના નિર્ધારિત સમય કરતા ૩ કલાકથી વધુ મોડી પડી છે અને મુસાફરોને મોડી રાત્રે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

આ ટ્રેન સંપૂર્ણપણે વાતાનુકૂલિત હોવાથી, પાવર ફેલ થતાં જ કોચની અંદર ગરમી વધવા લાગી હતી. વેન્ટિલેશન બંધ થઈ જવાના કારણે મુસાફરોને ગુંગળામણ અને શ્વાસ લેવામાં તકલીફ અનુભવવા લાગી હતી. પરિસ્થિતિ બગડતા આખરે રાહત માટે ટ્રેનના દરવાજા મેન્યુઅલી ખોલવાની ફરજ પડી હતી. મુસાફરો રાતના અંધકારમાં પરેશાન જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રેલવે તંત્ર હરકતમાં આવ્યું હતું અને ટ્રેનને આગળ વધારવા માટે તાત્કાલિક બીજા એન્જિનની વ્યવસ્થા કરવામાં આવતાં મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.

## જય જગન્નાથ

# રાજમાર્ગો પર ગુંજશે ભક્તિનો નાદ!

## અષાઢી બીજના પાવન પર્વે રંગીલા રાજકોટમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ

**જગન્નાથજીના નિજમંદિરથી રથયાત્રાનું સવારે ૮ કલાકે પ્રસ્થાન**



રાજકોટ, તા. ૧૫

અષાઢી બીજનો પાવન અવસર એટલે શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ રંગીલા રાજકોટ શહેરમાં પ્રભુ જગન્નાથજી, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજી સાથે નગરચર્યાએ નીકળશે. જ્યારે જગતનો નાથ પોતાના ગર્ભગૃહમાંથી બહાર આવીને ભક્તોને સન્મુખ દર્શન આપવા રાજમાર્ગો પર પધારે છે, ત્યારે સમગ્ર રાજકોટ જાણે સાક્ષાત જગન્નાથપુરી ધામ બની જાય છે. ભક્તિના આ મહાપર્વમાં જોડાવા માટે રાજકોટવાસીઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આ વર્ષે યોજાનારી આ ખૂબ મોટી રથયાત્રામાં આસ્થાનું ઘોડાપૂર ઉમટશે. લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો રથયાત્રાના રૂટ પર પ્રભુના રથના દોરડા ખેંચીને ધન્યતા અનુભવવા આતુર છે. પ્રભુના સ્વાગત માટે રાજકોટના રાજમાર્ગોને શણગારવામાં આવ્યા છે. રથયાત્રા દરમિયાન આકર્ષક અને કલાત્મક શણગારેલા રથો, સુશોભિત ફ્લોટ્સ, વિવિધ ધાર્મિક અને સામાજિક વિષયો પર આધારિત જીવંત ટેબ્લો, શરણાઈના સૂર, ઢોલ-નગારાના ધબકારા, ડીજેના તાલે ગુંજતા ભક્તિગીતો અને વિવિધ અખાડાના કરતબબાજોના શૌર્યપૂર્ણ કરતબો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ સાથે જ માર્ગમાં ઠેર-ઠેર પ્રભુના પરંપરાગત પ્રસાદ એવા મગ, બુંદી અને જાંબુના મહાપ્રસાદનું અવિરત વિતરણ કરવામાં આવશે. રાજકોટની રથયાત્રા એ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે સામાજિક સમરસતા, ભાઈચારો અને કોમી એકતાનું પણ એક અદભુત પ્રતીક છે. રથયાત્રાના સમગ્ર માર્ગ પર વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને અન્ય ધર્મના લોકો દ્વારા ભાવિકો માટે ઠંડા પાણીની પરબો, શરબત, છાસ અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે, જે રાજકોટની સંસ્કૃતિને વધુ ઉજાગર કરે છે. હાથમાં ધર્મધજા, કપાળે કેસરિયા તિલક અને હૃદયમાં અતૂટ શ્રદ્ધા સાથે અબાલ-વૃદ્ધ સૌ કોઈ ''હરે કૃષ્ણા, હરે રામા'' અને ''જય જગન્નાથ'' ના ગગનભેદી નારા લગાવશે. આવો, આપણે સૌ આ ભવ્ય અને દિવ્ય રથયાત્રામાં જોડાઈને પ્રભુ જગન્નાથજીના આશીર્વાદ પ્રાપ્ત કરીએ અને જીવનને ધન્ય બનાવીએ. બોલો ભાઈ સબ સાથ... જય જગન્નાથ!

### રથયાત્રાના મુખ્ય આકર્ષણોઃ વૃંદાવન અને ઉજ્જૈનની મંડળીઓ જમાવશે ભક્તિનો રંગ!

આ વર્ષે રાજકોટમાં નીકળનારી જગન્નાથ રથયાત્રામાં ભક્તોને મંત્રમુગ્ધ કરવા માટે અનેક વિશેષ અને ભવ્ય આકર્ષણો કેન્દ્રસ્થાને રહેવાના છે. રથયાત્રાના નિર્ધારિત રૂટ પર અલગ-અલગ મુખ્ય ચોક અને ચાર રસ્તાઓ પર આ કલાકારો પોતાની અદ્ભૂત કલા પ્રદર્શિત કરી નગરજનોને ભક્તિસભર પળો અર્પણ કરશે. કાન્હાની નગરીમાંથી પધારેલી પ્રખ્યાત રાસમંડળી ભક્તિમય નૃત્ય અને રાસની રમઝટ બોલાવશે. શિવભક્તિમાં લીન, ભયાવહ અને ભક્તિસભર અદ્ભૂત પ્રસ્તુતિ કરતી અઘોરી મંડળી આકર્ષણનું કેન્દ્ર બનશે. ઉજ્જૈનથી વિશેષ રૂપે પધારનારા સૌથી ઊંચા વિરાટ મહાકાળી માતાજીના લાઈવ સ્વરૂપના દર્શન નગરજનોને સ્તબ્ધ કરી દેશે.

### સવારે ૮ કલાકે જગન્નાથજી નગરચર્યાએ નીકળશે!

ભગવાન જગન્નાથજીની આ ભવ્ય રથયાત્રા સવારે બરાબર ૮:૦૦ વાગ્યે નિજ મંદિરેથી પ્રસ્થાન કરશે. પ્રભુ પોતાના ભક્તોને દર્શન આપવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૬ કિલોમીટર લાંબા ઐતિહાસિક રૂટ પર ભ્રમણ કરશે. નગરચર્યા પૂર્ણ કરી સાંજે ૭:૦૦ વાગ્યે રથયાત્રા પુનઃ નિજ મંદિરે પરત ફરશે. ભગવાનના સ્વાગત અને સામૈયા માટે રાજકોટના વિવિધ સાર્વજનિક, ધાર્મિક, રાજકીય સંગઠનો, વેપારી મંડળો અને સામાજિક સંસ્થાઓ દ્વારા ભારે તૈયારીઓ કરવામાં આવી છે. રથયાત્રા દરમિયાન પ્રભુના આશીર્વાદ સ્વરૂપે સમગ્ર રૂટ પર શ્રદ્ધાળુઓ માટે વિશાળ માત્રામાં પરંપરાગત અને પવિત્ર પ્રસાદ વહેંચવામાં આવશે.

### ૧૮૦૦ થી વધુ પોલીસ જવાનોનું સુરક્ષા કવચ

અષાઢી બીજનો આ પાવન ઉત્સવ એકદમ શાંતિપૂર્ણ, આનંદદાયક અને ભક્તિસભર માહોલમાં ઉજવાય તે માટે શહેર પોલીસ તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. આ વિશાળ રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થાને લઈને પોલીસે અત્યારથી જ આગોતરું આયોજન કરી કમર કસી લીધી છે. ૨૬ કિલોમીટર લાંબા રથયાત્રાના રૂટ પર કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ ચુસ્ત જળવાઈ રહે તે માટે લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શાંતિ અને સલામતી જાળવવા માટે પોલીસ દ્વારા પરંપરાગત સુરક્ષાની સાથે આધુનિક ટેકનોલોજી અને સીસીટીવી કેમેરાના નેટવર્ક દ્વારા પણ રથયાત્રાના પળેપળના મૂવમેન્ટ પર બાજ નજર રાખવામાં આવશે. પોલીસ પ્રશાસન દ્વારા નાગરિકોને પણ શાંતિ જાળવવા અને ઉત્સવને હર્ષોલ્લાસથી ઉજવવા અપીલ કરવામાં આવી છે.

### સુરક્ષા વ્યવસ્થાને અપાયો આખરી ઓપ

રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા તમામ સુરક્ષા સંબંધી પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રથયાત્રાના સમગ્ર રૂટ પરની દરેક નાની-મોટી હિલચાલ પર બાજ નજર રાખવા માટે પોલીસ પ્રશાસન કટિબદ્ધ છે. ૪ ઉઈંક, ૬ અઈંક અને ૨૩ ડઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ મોરચો સંભાળશે.

# રમકડાં-ખાણીપીણીના સ્ટોલ અને રાઈડ્સ માટે હરરાજીનો કાર્યક્રમ જાહેર

## ૨૦ જુલાઈથી ફોર્મ વિતરણઃ રાઈડ્સના મહત્તમ ટિકિટ દર રૂ. ૩૫ અને રૂ. ૫૦ નક્કી કરાયાઃ સ્ટોલ અને પ્લોટ માટે ૨૦ થી ૨૮ જુલાઈ સુધી મળશે ફોર્મ



રાજકોટ, તા. ૧૫

રાજકોટ કલેકટરતંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા આગામી ૨ સપ્ટેમ્બરથી રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થનારા પાંચ દિવસીય ભવ્ય જન્માષ્ટમી લોકમેળાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મેળામાં રમકડાં-ખાણીપીણીના સ્ટોલ તથા ચકડોળ-ચકરડીના પ્લોટ મેળવવા માટેના ફોર્મ વિતરણ અને ડ્રો-હરરાજીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ વર્ષે બાળ-ગોપાલના મનોરંજન માટે ચકરડીના પ્લોટમાં ૧૨ પ્લોટનો વધારો કરવામાં આવ્યો છે.લોક મેળાના સ્ટોલ, પ્લોટ માટે ફોર્મ ભરવા ઈચ્છુક અરજદારો તા. ૨૦થી ૨૮ જુલાઈ સુધીમાં ઈન્ડિયન બેંક, તોરલ બિલ્ડીંગ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ ખાતેથી સવારના ૧૧થી બપોરના ૧૬ કલાક દરમિયાનમાં અરજીપત્રક મેળવી શકશે અને નિશ્ચિત ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે અરજી પત્રક રજૂ કરી શકશે. અરજી નિયત ફોર્મમાં જ આપવાની રહેશે તેમજ જુદી જુદી કેટેગરીની કિંમતની પૂરેપૂરી રકમ, ટેક્સની સૂચિત રકમ તથા ડીપોઝિટની પૂરેપૂરી રકમ મળીને ''અધ્યક્ષ, લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ''ના નામનો કુલ રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે રાખીને ભરેલ ફોર્મ આપવાનું રહેશે.લોકમેળા સમિતિ દ્વારા સ્ટોલ પ્લોટની હરરાજી અને ડ્રો માટેની તારીખો પણ જાહેર કરવામાં આવી છે. જે અનુસાર કેટેગરી-બી રમકડાના ૧૦૦ સ્ટોલ, કેટેગરી-સી ખાણીપીણીના ૮ સ્ટોલ તા. ૧ ઓગસ્ટ ને શનિવારના ૧૧ કલાકે, કેટેગરી-જે મધ્યમ ચકરડીના ૩ પ્લોટ, કેટેગરી કેની નાની ચકરડીના ૨૪ પ્લોટ માટે તા. ૧ ઓગસ્ટ ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે હરાજી યોજાશે. યાંત્રિક કેટેગરીમાં ફોર્મ ભરેલ અરજદારો ઊ, ઋ, ૠ અને ઈ તમામ કેટેગરીની હરરાજીમાં ભાગ લઈ શકશે. આ હરરાજીમાં કોઈપણ વ્યક્તિ કે બ્રાન્ડેડ કંપની ભાગ લઈ શકશે અને પોતાના સ્ટોલ પર બ્રાન્ડની જાહેરાત (એડવર્ટાઈઝમેન્ટ) પણ કરી શકશે. મેળાના ગ્રાઉન્ડનો નકશો કચેરી સમય દરમિયાન નાયબ કલેક્ટર કચેરી, રાજકોટ (શહેર-૧) પ્રાંત, જૂની કલેક્ટર કચેરીના નોટિસ બોર્ડ પર જોઈ શકાશે.

# જિલ્લા માર્ગ સલામતી- હાઈવે ટાસ્ક ફોર્સની બેઠક

## ડીવાઈડરનો ગેપ તોડનારા સામે પોલીસ ફરિયાદ કરવા કલેકટરનો આદેશ



રાજકોટ, તા. ૧૫

વાહન અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવા અને હાઈવે પર મુસાફરી વધુ સુરક્ષિત બનાવવાના આશયથી રાજકોટ કલેક્ટર કચેરી ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લા માર્ગ સલામતી અને જિલ્લા હાઈવે ટાસ્ક ફોર્સના વિવિધ મુદ્દાઓ પર ગંભીર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સુપ્રીમ કોર્ટના આદેશોનું ચુસ્ત પાલન કરવા અને માર્ગ અકસ્માત માટે જવાબદાર પરિબળોને તાકીદે દૂર કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.

બેઠકમાં હાઈવે પર અકસ્માતનું મુખ્ય કારણ બનતા ગેરકાયદેસર ડિવાઈડર કટ (મીડિયન ગેપ) પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કલેક્ટરે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે રાજકોટ જિલ્લાના તમામ નેશનલ હાઈવે પર એકપણ અનધિકૃત ગેપ ઈન મીડિયન રહેવો જોઈએ નહીં. ડિવાઈડરમાં ગેરકાયદેસર રીતે કટ બનાવતા તત્વોને અટકાવવા માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવશે. જો કોઈ હોટેલ કે પેટ્રોલપંપના સંચાલકો દ્વારા પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોંચાડી ગેરકાયદે કટ બનાવવામાં આવશે, તો તેમની વિરુદ્ધ તાત્કાલિક ધોરણે એફ.આઈ. આર. (ફ્રૂઈછ) દાખલ કરી સખ્ત કાનૂની પગલાં લેવાશે.

સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશોના અનુસંધાને કલેક્ટર દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી (ગઈઅઈ) અને સંબંધિત ડિવિઝનને નીચે મુજબની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા આદેશ અપાયા છે. હાઈવે પરના ગેરકાયદે દબાણો તાત્કાલિક દૂર કરવા તેમજ ચોમાસા દરમિયાન રોડ પર પડેલા ખાડાઓનું યોગ્ય સમારકામ કરવું. હાઈવે પર પોલીસ અને ઓથોરિટીનું પેટ્રોલિંગ વધારવું. અકસ્માત સંભવિત વિસ્તારો (બ્લેક સ્પોટ્સ) પર જરૂરી સાઈનેજીસ (સાઈન બોર્ડ), રંબલ સ્ટ્રીપ, એલ.ઈ.ડી. લાઈટો અને સી.સી.ટી. વી. કેમેરા ઈન્સ્ટોલ કરવા. હાઈવે પર આવેલી હોટેલ અને રેસ્ટોરન્ટ્સમાં આવતા ગ્રાહકો નિયત પાર્કિંગ સ્પેસની બહાર રોડ પર વાહનો પાર્ક ન કરે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત વિભાગને સોંપવામાં આવી છે.

હાલની ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને, કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે વરસાદના કારણે હાઈવે અથવા ડાયવર્ઝન આસપાસ ક્યાંય પણ ટ્રાફિક જામની સમસ્યા સર્જાવી જોઈએ નહીં. આ માટે ટ્રાફિક પોલીસ અને માર્ગ-મકાન વિભાગને આગોતરી આયોજનબદ્ધ વ્યવસ્થા ગોઠવવા આદેશો જારી કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં વરસાદી ઝાપટા

## બફારા વચ્ચે 'લોકલ ફોર્મેશન'ની અસર : ક્યાંક ધોધમાર તો ક્યાંક કોરૂં ધાકોડ



રાજકોટ, તા. ૧૫

સૌરાષ્ટ્રના વાતાવરણમાં આજે અચાનક મોટો પલટો જોવા મળ્યો હતો. કોઈ સક્રિય વરસાદી સિસ્ટમ ન હોવા છતાં, અસહ્ય ઉકળાટ અને ભેજના કારણે સર્જાયેલા 'લોકલ ફોર્મેશન' (સ્થાનિક વાદળોના બંધારણ) ને લીધે રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ અને જામનગર સહિતના વિસ્તારોમાં સવારે અચાનક ચોમાસા જેવો માહોલ છવાઈ ગયો હતો. ભારે પવનના સુસવાટા સાથે શરૂ થયેલા વરસાદી ઝાપટાંથી ક્યાંક રસ્તાઓ ભીના થયા તો ક્યાંક માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. રાજકોટ શહેરમાં સવારે ૧૧ વાગ્યાની આસપાસ અચાનક આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. ત્યારબાદ તીવ્ર ગતિએ (આશરે ૨૦ થી ૨૫ કિમી પ્રતિ કલાક) પવન ફુંકાવાની સાથે જ ધોધમાર વરસાદી ઝાપટાં શરૂ થયા હતા.

વરસાદની તીવ્રતા એટલી હતી કે રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. હવામાન વિભાગની કચેરી ખાતે ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જો કે, મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડના ચોપડે ઈસ્ટ ઝોન અને વેસ્ટ ઝોનમાં ૫-૫ મી.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે સેન્ટ્રલ ઝોન તદ્દન કોરોકટ્ટ રહ્યો હતો. સવારે ૮:૩૦ વાગ્યે રાજકોટનું તાપમાન ૨૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા જેટલું ઊંચું રહેતા લોકો બફારાથી બેહાલ થયા હતા.

હાલ રાજ્યમાં કોઈ મોટી કે સક્રિય વરસાદી સિસ્ટમ (જેમ કે લો-પ્રેશર કે સાયક્લોનિક સર્ક્યુલેશન) કાર્યરત નથી. તેમ છતાં આ અચાનક આવેલા વરસાદ અંગે હવામાન વિભાગના સૂત્રોએ મહત્વની સ્પષ્ટતા કરી છે. આ કુદરતી કરિશ્મા બહુ લાંબો સમય ટક્યો નહોતો. સવારે ૧૧:૩૦ વાગ્યા પછી પવનની ગતિમાં ફેરફાર થતાં વાદળો વિખેરાઈ ગયા હતા. વાદળો હટતાંની સાથે જ ફરીથી આકરો તડકો નીકળ્યો હતો, જેના લીધે હવામાં રહેલા ભેજને કારણે અસહ્ય બફારો અને ઉકળાટ બેવડાયો હતો, જેનાથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

આજની સ્થિતિ એ રાજયમાં કોઈ વરસાદી સિસ્ટમ કાર્યરત નથી, છતાં આજરોજ સર્જાયેલા હવામાન પલ્ટા અંગે હવામાન વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ સખ્ત તાપ અને ભેજવાળા પવનોનાં કારણે લોકલ ફોર્મેશન સર્જાય છે અને આવા વાદળો મર્યાદીત વિસ્તારમાં વરસી જતા હોય છે. આજરોજ પણ સવારે ૧૧ કલાક બાદ લોકલ ફોર્મેશન સર્જાતા ઠેર-ઠેર ઝાપટા વરસ્યા હતા. શહેરમાં સામાન્ય વરસાદમાં પણ એક ઝાડ પડી ગયું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ આકાશવાળી ચોકમાં પચીસેક વર્ષનું ઝાડ અચાનક સામાન્ય વરસાદ અને પવનમાં ઘરસાઈ થઈ ગયું છે. આ ઝાડ પડતા પાંચેક જેટલા દ્વિચક્રી વાહનો દબાયા હતા. સદનસીબે કોઈને ઈજા કે જાનહાનિ થઈ નથી.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# જય જગન્નાથ

## ભગવાનને યાત્રા કરવાની મોજ આવે તેવું નગર તો બનાવો



અષાઢી બીજ એટલે ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ. આજે ભગવાન જગન્નાથજી ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે. સનાતન ધર્મમાં ઉત્સવો માત્ર મનોરંજન નથી, પણ તેની પાછળ ગહન આધ્યાત્મિક અને સામાજિક ઉદ્દેશો છુપાયેલા છે. રથયાત્રાનો સૌથી મોટો ઉદ્દેશ્ય નગરનું અને માનવ મનનું શુદ્ધિકરણ છે. જ્યારે સાક્ષાત પરમ તત્વ નગરમાં પધારવાના હોય, ત્યારે ચારેય તરફ સ્વચ્છતા, રંગરોગાન અને પવિત્રતાનો માહોલ સર્જાય છે. ભગવાનના આગમન માત્રથી નગરની નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. આજે દેશભરમાં ધામધૂમથી યાત્રાઓ નીકળશે, પરંતુ આપણે ગંભીરતાથી વિચારવાની જરૂર છે કે શું રથયાત્રાનો ખરો ઉદ્દેશ્ય પૂર્ણ થાય છે? આજે આપણું રાજકોટ કે અન્ય શહેરો ભગવાનને નગરયાત્રા કરવાની મોજ આવે તેવાં સ્વચ્છ અને સુંદર છે ખરાં?

માત્ર એક દિવસ ઉત્સવ મનાવીને બાકીના દિવસોમાં ગંદકી અને અવ્યવસ્થા તરફ આંખ આડા કાન કરવા તે યોગ્ય નથી. જો આપણે ભગવાનના સ્વાગત માટે કાયમી ધોરણે નગરને સ્વચ્છ અને જીવંત રાખીએ, તો જ ખરા અર્થમાં શુદ્ધિકરણનો ઉદ્દેશ્ય સાર્થક ગણાશે. નગર એવું હોવું જોઈએ જ્યાં ભક્તિની સાથે શિસ્ત પણ દેખાય. રથયાત્રાનો બીજો મહત્વનો સામાજિક ઉદ્દેશ્ય ગરીબ અને વંચિત પરિવારો સુધી પહોંચવાનો છે. જે લોકો મંદિર સુધી નથી જઈ શકતા, ભગવાન પોતે સામેથી તેમના આંગણે જાય છે. આ યાત્રા દ્વારા સમાજના છેવાડાના માણસને પણ પ્રસાદ મળે, તેનું પોષણ થાય અને સમાજમાં તેનું માન-સન્માન જળવાય તે અનિવાર્ય છે. સનાતન ધર્મના ઉત્સવો આપણને પરસ્પર જોડે છે. આપણે પરંપરાઓ અને ભવ્યતાને તો ખૂબ સારી રીતે જાળવી રાખ્યા છે, પરંતુ જો તેના મૂળ ઉદ્દેશોને પણ એટલી જ ગંભીરતાથી જાળવ્યા હોત, તો આજે સમાજનો એક પણ સનાતની ભાઈ કે બહેન આર્થિક કે સામાજિક રીતે નબળો ન હોત.

આજના પવિત્ર દિવસે આપણે સૌ સંકલ્પ કરીએ કે ઉત્સવોની ભવ્યતાની સાથે તેની પાછળ રહેલી સેવાની ભાવનાને પણ ઉજાગર કરીશું. આપણા નગરને એટલું સુંદર, સ્વચ્છ અને સદ્ભાવનાથી સભર બનાવીએ કે સ્વયં ભગવાનને પણ અહીં યાત્રા કરવાની પરમ મોજ આવી જાય. જય જગન્નાથ!

# ભારત-યુકે FTA અમલમાં

## ખેડૂતો માટે જંગી નફો કમાવવાના રસ્તા ખુલ્યા




નવીદિલ્હી, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત અને યુકે વચ્ચે થયેલા ઐતિહાસિક વ્યાપક આર્થિક અને વેપાર કરાર (ઈઊઝઅ) હવે અમલમાં આવી ગયો છે. આ કરારને ભારતીય કૃષિ ક્ષેત્ર માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યો છે. જ્યારે તે ભારતીય કૃષિ ઉત્પાદનો માટે એક વિશાળ યુકે બજાર ખોલશે, તે દેશની ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોના હિતોનું પણ સંપૂર્ણ રક્ષણ કરે છે. આ કરાર હેઠળ, યુકે ભારતીય કૃષિ ઉત્પાદનોને તેના બજારમાં ડ્યુટી-મુક્ત પ્રવેશ આપશે. ભારતમાં આ ક્ષેત્રોને સૌથી વધુ ફાયદો થવાની અપેક્ષા છે. યુકે વાર્ષિક આશરે ૯૦ બિલિયન (રૂ. ૭.૫ લાખ કરોડથી વધુ) મૂલ્યના કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનોની આયાત કરે છે. શૂન્ય-ડ્યુટી ઍક્સેસ હવે ભારતીય નિકાસકારોને વૈશ્વિક બજારમાં તેમના સ્પર્ધકો (જેમ કે વિયેતનામ અથવા અન્ય દેશો) પર સીધો ફાયદો આપશે.

દેશના મુખ્ય કૃષિ રાજ્યોને આ કરારથી સૌથી વધુ ફાયદો થશે. મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને પંજાબમાં મુખ્ય કૃષિ-નિકાસ ક્લસ્ટરોને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આનાથી ગ્રામીણ વિસ્તારોમાં, ખાસ કરીને ઋઙ્ઘત (ખેડૂત ઉત્પાદક સંગઠનો), પેકહાઉસ, ફૂડ પ્રોસેસિંગ એકમો અને લોજિસ્ટિક્સ (પરિવહન) ક્ષેત્રમાં નોંધપાત્ર રોજગારીની તકો ઊભી થશે. ભારતીય ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણઃ ભારત સરકારે નાના અને મધ્યમ કદના ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને, આ કરારમાંથી કેટલાક અત્યંત સંવેદનશીલ કૃષિ ઉત્પાદનોને બાકાત રાખ્યા છે, જેનો અર્થ એ છે કે યુકેથી આવતા માલને આમાંથી મુક્તિ આપવામાં આવશે નહીં. આ કરાર આત્મનિર્ભર ભારતના સ્વપનને સાકાર કરવા અને ભારતીય ખેડૂતોની આવક બમણી કરવા તરફ એક મોટું પગલું છે. આનાથી માત્ર ભારતની નિકાસ વધશે નહીં પરંતુ વૈશ્વિક સ્તરે ભારતીય કૃષિની વિશ્વસનીયતા પણ મજબૂત થશે.ડેરી ઉત્પાદનો (દૂધ, ચીઝ, માખણ, ઘી), અનાજ, ખાદ્ય તેલ, સફરજન, અનાનસ, નારંગી અને દાડમ જેવા ફળો અને ટામેટાં, લસણ, કોબી, વટાણા અને કોળા જેવા શાકભાજી પણ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તમામ કૃષિ ઉત્પાદનોને શૂન્ય-ડ્યુટી ઍક્સેસ આપવામાં આવી છે, પરંતુ દેશની ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ અર્થતંત્ર સાથે ચેડા ન થાય તે સુનિશ્ચિત કરવા માટે ચિકન, ડુક્કરનું માંસ, ઇંડા, ચોખા અને ખાંડને બાકાત રાખવામાં આવ્યા છે. ભારતીય કૃષિ ઉત્પાદનો માટે બ્રિટનમાં એક મોટું બજાર ખુલશે, ત્યારે દેશની ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોના હિતોનું પણ સંપૂર્ણ રક્ષણ થશે. કરાર હેઠળ, બ્રિટન ભારતીય કૃષિ ઉત્પાદનોને તેના બજારમાં ડ્યુટી-મુક્ત પ્રવેશ આપશે.

# સીમાંકન બિલઃ સુપ્રિયા સુલેની સ્થિતિ અંગે સરકારનું વલણ સકારાત્મક

## ૫૦ ટકા બેઠકો વધારવા માટે સરકારની તૈયાર



નવીદિલ્હી, તા. ૧૫

હાલમાં, સીમાંકન બિલને લઈને ઉગ્ર ચર્ચા ચાલી રહી છે. વરિષ્ઠ નેતા શરદ પવારની પુત્રી અને લોકસભા સાંસદ સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે જો સરકાર લેખિતમાં બેઠકો ૫૦% વધારવા માટે સંમત થાય તો તેઓ બિલને ટેકો આપવાનું વિચારશે. હવે, અહેવાલો સૂચવે છે કે સરકાર સુપ્રિયા સુલેની શરત પ્રત્યે સકારાત્મક દેખાય છે. સૂત્રો સૂચવે છે કે સરકાર ૫૦% બેઠકો વધારવા માટે તૈયાર છે. અહેવાલો સૂચવે છે કે સરકાર પ્રસ્તાવમાં ૫૦% જોગવાઈનો સમાવેશ કરી શકે છે અને વિપક્ષી પક્ષો સાથે વિવિધ સીમાંકન વિકલ્પો પર ચર્ચા કરવા માટે પણ તૈયાર છે.

અગાઉ, સુપ્રિયા સુલે, અન્ય વિપક્ષી પક્ષના સભ્યો સાથે, કેન્દ્રીય મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે તેમને, લોકસભા સાંસદ અને જૂથ નેતા અરવિંદ સાવંત અને લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસી સાથે, દિલ્હીમાં એક બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, જ્યાં ભાજપના સાંસદ અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ તેમને બિલ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે અમિત શાહે વસ્તીના આધારે બેઠકો વધારવાને બદલે સંબંધિત રાજ્યોમાં હાલની લોકસભા બેઠકો ૫૦% વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન, અમિત શાહે સમજાવ્યું હતું કે તેમણે સીમાંકન બિલ અંગે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ડીએમકે સાથે અલગ-અલગ બેઠકો યોજી હતી, જેનાથી અલગ-અલગ મંતવ્યો મળ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ રાજ્યોની વસ્તીના આધારે બેઠકોની સંખ્યા વધારવાનો વિરોધ કરે છે, કારણ કે આ દક્ષિણ રાજ્યો માટે અન્યાયી હશે. સીમાંકન બિલને ટેકો આપવાનો અંતિમ નિર્ણય ઓલ ઈન્ડિયા એલાયન્સના સભ્યો સાથે ચર્ચા કર્યા પછી લેવામાં આવશે.

સુપ્રિયા સુલેએ વધુમાં જણાવ્યું હતું કે તેઓ સત્તાવાર વલણ અપનાવે તે પહેલાં તેમને સીમાંકન બિલની લેખિત નકલ મેળવવી જોઈએ. નસ્ત્રઅમે કોઈપણ બિલની વિરુદ્ધ નથી, કારણ કે અમે નીતિ નિર્માતા છીએ, પરંતુ આવી નીતિઓ ન્યાયી અને બધાને સ્વીકાર્ય હોવી જોઈએ,સ્ત્રસ્ત્ર તેમણે કહ્યું. નસ્ત્રજ્યાં સુધી અમને સીમાંકન બિલની લેખિત નકલ લોકસભા બેઠકોની સંખ્યા વધારવા માટે ચોક્કસ ફોર્મ્યુલા સાથે ન મળે ત્યાં સુધી અમે તેના પર સત્તાવાર રીતે ટિપ્પણી કરીશું નહીં.સ્ત્રસ્ત્ર સીમાંકન બિલ પર એનસીપી નેતા સુપ્રિયા સુલેની શરતને પગલે, સરકાર સકારાત્મક વલણ અપનાવી રહી હોય તેવું લાગે છે. સૂત્રો કહે છે કે સરકાર ૫૦% બેઠકો વધારા માટે સંમત થઈ ગઈ છે. સુપ્રિયા સુલેએ કહ્યું હતું કે જો સરકાર ૫૦% વધારા માટે સંમત થાય તો જ તેઓ આ બાબતે ચર્ચા કરશે.

# ભારત વૈશ્વિક ચિપ માર્કેટમાં મેળવશે પ્રભુત્વ!



## સરકારે ૧.૨૭ લાખ કરોડ રૂપિયાના બજેટની જાહેરાત કરી છે

નવીદિલ્હી, તા.૧૫

કેન્દ્ર સરકારે ભારતને વિશ્વમાં અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ અને હાઇ-ટેક મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ બનાવવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે પઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦થ (ઈજ્ઞ્ખ ૨.૦) ને સત્તાવાર રીતે મંજૂરી આપી છે. સરકારે દેશની અંદર ચિપ અને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને સંપૂર્ણપણે વિકસાવવા માટે ₹૧.૨૭ લાખ કરોડનું જંગી બજેટ ફાળવ્યું છે. આ નવો તબક્કો ભારતના પ્રથમ સેમિકન્ડક્ટર મિશન (ઈજ્ઞ્ખ ૧.૦) ની સફળતાઓ પર નિર્માણ કરશે અને દેશને વૈશ્વિક સ્તરે આત્મનિર્ભર અને મજબૂત ચિપ હબ તરીકે સ્થાપિત કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે પઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ઈજ્ઞ્ખ) ૨.૦થ ને મંજૂરી આપી, આ મિશન માટે ₹૧.૨૭ લાખ કરોડ અને પમોબાઇલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ખઙ્ખજ)થ માટે ₹૬૨,૫૦૦ કરોડ ફાળવ્યા. આ પગલું દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ બનાવવામાં મદદ કરશે અને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં ભારતનું સ્થાન મજબૂત કરશે. મંત્રીમંડળ અને આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (ઈઈઊઅ) ની બેઠક બાદ આ નિર્ણયોની જાહેરાત કરતા, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં મંજૂર કરાયેલા સાત મુખ્ય નિર્ણયોમાં સેમિકન્ડક્ટર પેકેજનો સમાવેશ થાય છે.વૈષ્ણવે જણાવ્યું હતું કે, નસ્ત્રહું તમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળ અને આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (ઈઈઊઅ) દ્વારા લેવામાં આવેલા સાત મુખ્ય નિર્ણયો રજૂ કરી રહ્યો છું.

પહેલા બે નિર્ણયો વારાણસી (કાશી) માં માળખાગત સુવિધાઓ વિકસાવવાના કાર્યક્રમ સાથે સંબંધિત છે. ત્રીજો, ચોથો અને પાંચમો નિર્ણય પસેમિકોન ૨.૦ મિશનપ (સેમિકન્ડક્ટર ૨.૦ મિશન) સાથે સંબંધિત છે, જેને આજે મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરીઓ સાત મંત્રીમંડળના નિર્ણયોના મોટા પેકેજનો ભાગ છે, જેની કુલ કિંમત આશરે ₹૨.૧૯ લાખ કરોડ છે. આ પેકેજમાં વારાણસીમાં માળખાગત પ્રોજેક્ટ્સ, યુરિયા-૨૦૨૬ માટે નવી રાષ્ટ્રીય રોકાણ નીતિ, પારાદીપ-હરિદાસપુર રેલ્વે લાઇનનું બમણુંકરણ અને ડાંગોપોસી અને રાજખરસાવન વચ્ચે ચોથી રેલ્વે લાઇનનું નિર્માણ શામેલ છે. આ બધી જાહેરાતોનો હેતુ વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદન, માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતાને વેગ આપવાનો છે.

કેન્દ્રીય મંત્રીમંડળે નોંધપાત્ર ભંડોળ સાથે પઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦થ ને મંજૂરી આપી. ₹૬૨,૫૦૦ કરોડની મોબાઇલ ફોન ઉત્પાદન યોજનાને પણ મંજૂરી આપવામાં આવી. આ પહેલોનો હેતુ ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવાનો છે. દેશ. આ મંજૂરીઓ ₹૨.૧૯ લાખ કરોડથી વધુના સાત મુખ્ય નિર્ણયોનો ભાગ છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### અષાઢી બીજ, શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાનાં વિશિષ્ટ રૂપની નગરચર્યાનો દિવસ!



ગઈકાલથી અષાઢી નવરાત્રીની સ્થાપના થઈ, અને આજે ભારતીય સંસ્કૃતિમાં જેનું ખૂબ જ મહત્વ છે, એવી અષાઢી બીજ એટલે વણ પુછ્યાં મુહૂર્તનો દિવસ. ભગવાન જગન્નાથની રથયાત્રા એટલે કે નગરચર્યાનો દિવસ. ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, અને સુભદ્રા ત્રણેય જણાં રથમાં બેસીને નગરચર્યા કરવાં નીકળે છે.

અષાઢી બીજ એટલે કચ્છી ઓનું નવું વર્ષ પણ આ દિવસે શરૂ થાય છે. ૧૬૦૫ માં મહારાવ ખેંગારજી પહેલાં એ કચ્છની વિધિવત રાજ્ય તરીકે સ્થાપના કરી હતી. પરંતુ એ પછીનાં રાજવી એટલે કે લાખો જામ કરીને હતાં, તેમને પોતાનાં રાજ્યની સીમાઓ વિશે શંકા હતી, આથી કેટલાક યુવકોને સાથે લઈ તે રાજ્યની સફરે નીકળ્યાં, અને પોતાનું રાજ્ય વિસ્તૃત કરવાની ઝંખનાને અધુરી રાખી, અષાઢ આવતાં તેઓ પાછા ફર્યા, અને કહેવાય છે કે એ પાછા ફર્યા એ દિવસે અષાઢી બીજનો દિવસ હતો, અને કચ્છ જેવા વેરાન રણમાં ખૂબ જ વરસાદ થયો, અને ત્યાં આગળ હરિયાળી છવાઈ ગઈ, આથી રાજા ખૂબ જ રાજી થયાં અને તેણે સમગ્ર કચ્છમાં એવું ફરમાન કર્યું કે, આજથી કચ્છીઓ અષાઢી બીજના દિવસે જ પોતાનું નવું વર્ષ ઉજવશે. તે દિવસથી દેશ પરદેશમાં વસતા તમામ કચ્છીઓ અષાઢી બીજને દિવસે કચ્છી નવા વર્ષનો પ્રારંભ કરે છે.

જગન્નાથ પુરીમાં ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, અને સુભદ્રાની મૂર્તિ ધરાવતું બહુ મોટું મંદિર છે, અને જગન્નાથ પુરીમાં રથયાત્રા નીકળતી, પણ હવે ઘણાં શહેરમાં રથયાત્રા કાઢવામાં આવે છે. આખાં વર્ષ દરમિયાન તો ભગવાનની પૂજા-અર્ચના થતી જ હોય, પરંતુ અષાઢી બીજને દિવસે તેમને નગરચર્યા કરવા માટે રથમાં બેસાડીને લઈ જવામાં આવે છે.સામાન્ય રીતે ભક્ત ભગવાનનાં દર્શન કરવાં મંદિરમાં જતાં હોય છે, પરંતુ અષાઢી બીજને દિવસે ભગવાન સામેથી બધાંને મળવાં આવે છે! એનું કારણ શું છે? આની પાછળ પણ એક ઐતિહાસિક ઘટના જોડાયેલી છે. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં પોતાના કક્ષમાં વિશ્રામ ફરમાવી રહ્યા હતાં, અને તેની નજીકમાં રુકમણીજી પણ પોઢી રહ્યા હતાં. ભગવાન નીંદરમાં રાધા રાધા એવું બોલે છે, અને સ્વાભાવિક પણે રુકમણીજીને એ પસંદ આવતું નથી. તે ભગવાનની ૧૬૧૦૮ રાણીઓને વાત કરે છે કે, ભગવાનની આપણે આટલી સેવા ચાકરી કરીએ છીએ, પ્રેમ કરીએ છીએ, છતાં પણ ભગવાનના મનમાંથી હજી રાધાની યાદ છૂટતી નથી, અને તેનું સ્મરણ તેને સતત થાય છે. બહુ સ્વાભાવિક રીતે જ તે રાણીઓ રાધા કૃષ્ણનાં પ્રેમથી અજાણ હોય છે, અને રુકમણી એમને ભગવાનની કથા કહે છે, પરંતુ ભગવાન અને બલરામ બંને બહાર ગયાં હોવાથી, તે ગમે ત્યારે પાછાં આવી શકે, એટલે સુભદ્રાને મહેલના દ્વારની બહાર ઉભી રાખવામાં આવે છે. પરંતુ સુભદ્રાજીને પણ કથામાં રસ પડતાં તે દ્વાર પાસે મોઢું રાખીને અંદરની કથા સાંભળે છે, એવામાં ભગવાન અને બલરામ પણ આવે છે, અને તે પણ આ રીતે કથા સાંભળે છે, કે અંદર શું ચાલી રહ્યું છે? આ કારણે રુકમણી ના તપથી ત્રણ જણાના હાથ પગ સંકોચાવા લાગે છે, અને મોઢું આને આખ મોટા થઈ જાય છે, અને આખોમાંથી પાણી નીકળવા લાગે છે, અને ત્યારે જ નારદ મુનિ ભગવાન ને મળવા આવે છે, અને કહે છે કે તમારુ આ રૂપ જગતને બતાવો! કે ઈશ્વર પણ અવતાર લે ત્યારે તે કર્મનાં બંધને બંધાય છે. તો કૃષ્ણ ભગવાને નારદ મુનિને આ રૂપ કળિયુગમાં જગતને બતાવવાનું વચન આપ્યું. ત્યારથી અષાઢી બીજે બલરામ સુભદ્રા અને કૃષ્ણ નગરચર્યાએ નીકળે છે. જે આ રથના દર્શન કરી દોરડું ખેંચે તો તેને સર્વ પાપમાંથી મુક્તિ મળે છે. નગરજનો હરે કૃષ્ણ, હરે રામા,બોલી યાત્રાને મંદિર સુધી લઈ જાય છે.

તો એક બીજી દંતકથા પ્રકૃતિગત છે, શ્રીકૃષ્ણ, બલરામ, અને સુભદ્રા પોતાનાં મોસાળ જાય છે, અને ત્યાં તેમને આવો રોગ લાગુ પડે છે, અને તે પાછા ફરે છે, આ દિવસે અષાઢી બીજનો દિવસ હતો.ચોમાસામાં ફંગલ ઈન્ફેક્શન બહુ ઝડપથી થતું હોવાથી,હાથ પગને આંખનું બહુ ધ્યાન રાખવું,એ પણ આ નગરચર્યાનો હેતુ છે.

ઈશ્વરનું કોઈપણ રૂપ, સ્વરૂપ, હોય તે હંમેશા જીવસૃષ્ટિના ઉદ્ધાર માટેનું જ હોય છે, અને તેના દ્વારા આપણને કેટલીય શિખ પ્રાપ્ત થતી હોય છે. રામ ચરિત માનસમા પણ ભગવાનના આવા સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. બિનુ પદ ચલહી, નયન બિનુ દેખી,

સુનહી બિનુ કાના.... ઈશ્વર સચરાચર વ્યાપ્ત છે, અને તેને પોતાનું કાર્ય કરવા કોઈ પણ રૂપ સ્વરૂપની જરૂર હોતી નથી, અને ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પર છે. એટલે કે માનવની જેમ જેવાં સાથે તેવાનું વર્તન તે કરતો નથી, અને એને કારણે જ આપણે આજ સુધી જીવી શકીએ છીએ. બાકી તો ઈશ્વરના અવિનાશી અંશ કહેવાતા આપણે તો, ક્યારનુંય આ પ્રકૃતિ અને અસ્તિત્વ વિશે વિચારવાનું છોડી દીધું છે, પણ એ એવું કરતો નથી, માત્ર કૃપા કરે છે.

વાર ગમે તે હોય, તિથી ગમે તે હોય, અને તારીખ ગમેતે હોય, પણ જો દરેકે દરેક ક્ષણની જાગૃતિ રાખવામાં આવે તો જ મહત્વની છે. બાકી તો આ સંસારરૂપી ગાડરિયા પ્રવાહમાં આપણે ભોગી તરીકે આવ્યા, અને ભોગી તરીકે જ અહીંથી જઈશું. ભોગ એક એવો રસ છે જેમાં ક્યારેય તમને સંતોષનો ઓડકાર કે પરીતૃપ્તિનો ઓડકાર આવતો નથી,હજી વધુની વૃત્તિ નિરંતર વધતી જ રહે છે. પરંતુ આ ભોગ સાથે યોગ અને જોગ જોડાય તો, આ સંસાર પણ પરમ પ્રેમને પામવા માટેનું સાધન બની શકે છે. યુગોનુ અંતર વિત્યું છતાં પણ કૃષ્ણ આપણને આજે પણ એટલા જ પ્રિય છે, અને એનું કારણ એ છે કે, એ સત્ય છે, એ જ પ્રેમ છે, અને એ જ અપરંપાર કરુણા છે, અને આપણે બધાં જ જાણીએ છીએ કે પરમાત્મા જ મનુષ્યનું અંતિમ લક્ષ્ય છે, છતાં પણ એ તરફ દુર્લક્ષ સેવીને આધુનિક યુગમાં જીવી રહ્યા છીએ. જેમાંથી બહાર આવીએ તો કદાચ એ પરમ પ્રકાશના અજવાળા દેખાય. સમગ્ર સંસારને છોડી અને સન્યાસ લઇ જીવન જીવવું એ તબક્કો હવે છૂટી ગયો, એટલે કે સંસાર રુપી પરીવાર બનાવ્યો છે, તો એની જવાબદારી અદા કરતાં કરતાં હરિસ્મરણ, હરિ ભજન કરતાં કરતાં, અને બીજું નાનું મોટું થોડુંક ધ્યાન રાખીને કે જાગૃતિ રાખીએ, આપણાથી કંઈ થાય એવું નાનું મોટું અન્યનુ હિત જેમાં સમાયેલું છે, એવાં થોડા કાર્યો કરતાં કરતાં જીવનનો આ મુકામ તય કરીશું તો ચોક્કસ પ્રેમને નામે કંઇક તો ફળશ્રુતિ આપણે પામીશું જ. કૃષ્ણનાં જીવનનો આજે ખાસ દિવસ છે, અને એ નિમિત્તે પુરા વિશ્વને અષાઢી બીજની ખૂબ ખૂબ વધાઇ, કચ્છીમાડુઓને પણ પોતાના નૂતન વર્ષની ખુબ ખુબ શુભકામના, અને આપણે જીવનમાં કંઈક કરવા આવ્યા છીએ, એ કરીને જઈએ એવા શુભ સંકલ્પથી આજે આ અષાઢી બીજના તહેવારને ઉજવીએ. ભગવાનનો બાહ્ય રથ કદાચ આપણે ખેંચી શકીએ નહીં, પરંતુ આંતર રથમાં બેઠેલા હરિને નિશ્ચિત મુકામ સુધી લઈ જવા કટિબદ્ધ બનીએ, અને પૂર્વની આપણી પંરપરાગત સંસ્કૃતિને એ રીતે નિભાવીએ. જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### ડ્રગ્સ માફિયાઓ સામે પોલીસનો મજબૂત સકંજો

# PIT NDPS એક્ટ હેઠળ બે આરોપી જેલભેગા

## એસ.ટી.વર્ક શોપ પાછળ રહેતા અવેશ અબ્દુલભાઈ પતાણીને સુરત, મફતીયાપરા, હનુમાનજીના મંદિર પાસે, તા. લોધીકા વાળા આશિફ ઉર્ફે ભોલો તૈયબભાઈ દોઢીયાને વડોદરા જેલમાં ધકેલાયો




રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેર વિસ્તારમાં નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સના ગેરકાયદેસર વ્યાપારને ડામવા માટે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (જ્વ્રઋ) દ્વારા કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત ૧૯૮૮ ના કાયદા હેઠળ બે શખ્સને ઝડપી લઈને સુરત અને વડોદરા જેલ હવાલા કર્યા હોવાની વિગતો મળી રહી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચેતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ અને સ્પેશિયલ બ્રાન્ચ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી. બસીયા દ્વારા અગાઉ ગેરકાયદેસર માદક પદાર્થના જથ્થા સાથે પકડાયેલા શખ્શો વિરુદ્ધ પીઆઈટી એનડીપીએસ કાયદા હેઠળ વધુમાં વધુ પ્રપોઝલો મૂકી અટકાયતી પગલાં લેવા સૂચના તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે અધિક પોલીસ મહાનિદેશક (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર) દ્વારા પણ એનડીપીએસ એક્ટ ૧૯૮૫ અને પીઆઈટી એનડીપીએસ એકટ ૧૯૮૮ હેઠળ કડક કાર્યવાહી કરવા આદેશો કરવામાં આવ્યા હતા.

આવી કડક કાર્યવાહીનો મુખ્ય હેતુ માદક પદાર્થનો વેપાર-ધંધો કરતા ઈસમો ઉપર અંકુશ લાવવાનો છે. આ ઉપરાંત, લોકોની આર્થિક તથા સામાજિક સુખાકારીને પાયમાલી તરફ જતી અટકાવવા, રાષ્ટ્રને થતું નુકસાન રોકવા, યુવાધનને ડ્રગ્સની બદીથી દૂર રાખવા અને કાયદાનો કડક અમલ કરાવવાના આશયથી આ પગલાં લેવામાં આવ્યા છે.

પોલીસ કમિશ્નરની સૂચનાથી દરખાસ્ત તૈયાર કરી ડી.જી.પી. (સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ) સમક્ષ મોકલવામાં આવતા, પોલીસ મહાનિર્દેશક (સી.આઈ.ડી. ક્રાઈમ) દ્વારા આ કાયદાની કલમ ૩ હેઠળ આરોપીને અટકાયતમાં લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને વોરન્ટ ઈશ્યુ કરી તેની બજવણી કરીને, ખોડીયારનગર શેરી નં. ૦૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, એસ.ટી. વર્ક શોપ પાછળ રહેતા અવેશ અબ્દુલભાઈ પતાણી (ઉં. ૨૭) ડીટેઈન કરીને મધ્યસ્થ જેલ, સુરત (લાજપોર) ખાતે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર અવેશ સામે અગાઉ રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો નોંધાયો હતો.

તેવી જ રીતે ખોડીયાર પ્લોટ મફતીયાપરા, હનુમાનજીના મંદિર પાસે, તા. લોધીકા, જી. રાજકોટના ૨૯ વર્ષીય આશિફ ઉર્ફે ભોલો તૈયબભાઈ દોઢીયાને ડીટેઈન કરીને મધ્યસ્થ જેલ, વડોદરા ધકેલી દેવાયો છે. પોલીસે જણાવ્યું હતું કે તેમની વિરુદ્ધ અપન અગાઉ રાજકોટ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ ગુનો નોંધાઈ ચૂક્યો છે.

બંને આરોપીને ઝડપી લેવા અને જુદી જુદી જેલમાં ધકેલવાની કાર્યવાહીમાં એસઓજી પીઆઈ એન. બી. ચૌધરી, એ.એસ.આઇ. અરૂણભાઇ બાંભણીયા, ફિરોજભાઇ રાઠોડ, સિધ્ધરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ, કોન્સ્ટેબલ યશપાલસિંહ ઝાલા અને મહિલા પો.કોન્સ. ભાગ્યલક્ષ્મીબા ઝાલા તેમજ પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલીયા, હેડ કોન્સ્ટેબલ રાજુભાઇ દહેકવાડ અને ઇન્દ્રજીતસિંહ સીસોદીયા અને સી.આઇ.ડી ક્રાઇમ (ગાંધીનગર)ના હેડ કોન્સ્ટેબલ પારસભાઇ ટાંક રોકાયા હતા.

### શાપરના વૃધ્ધનું ઓપરેશન કરાવાયા બાદ મૃત્યુ થયું

## દિકરીને જન્મ આપ્યાના વીસ દિવસ બાદ માતાનું મૃત્યુ

રાજકોટ,તા.૧૫

અપમૃત્યુની બે ઘટનામાં એક મહિલાનું દિકરીને જન્મ આપ્યાના વીસ જ દિવસ બાદ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બીજા બનાવમાં એક વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

વિગતો જોઇએ તો કાલાવડના મોટા વડા ગામે રહેતાં મહિલાને રાતે જમતી વખતે આંચકી ઉપડતાં બેભાન જેવા થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. વીસ દિવસ પહેલા જ આ મહિલાએ દિકરીને જન્મ આપ્યો હતો જે મા વિહોણી થઇ ગઇ હતી. કાલાવડના મોટાવડા ગામે રહેતાં અઠ્ઠાવીસ વર્ષના આરતીબેન નિતીનભાઇ કોટડીયા રાતે સાડા આઠેક વાગ્યે જમવા બેઠા ત્યારે એકાએક આંચકી ઉપડતાં અર્ધબેભાન જેવા થઇ ગયા હતાં.

તુરંત ડોક્ટરને બોલાવવામાં આવતાં તેમણે સારવાર માટે રાજકોટ લઇ જવા સલાહ આપી હતી. આરતીબેનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ મોડી રાતે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કાલાવડ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર આરતીબેનના લગ્ન અઢી વર્ષ પહેલા થયા હતાં. તેના પતિ નિતીનભાઇ ઇલેક્ટ્રીકની દુકાન ચલાવે છે. વીસ દિવસ પહેલા જ તેણીએ દિકરીને જન્મ આપ્યો હતો. આ નવજાત દિકરીએ મા ગુમાવી દેતાં કોટડીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. મોતનું ચોક્કસ કારણ જાણવા કાલાવડ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજા બનાવમાં ૧૫ર વેરાવળમાં શાંતિધામ સોસાયટીમાં રહેતાં સાંઇઠ વર્ષના પુંજાભાઇ નારણભાઇ પરમાર નામના વૃધ્ધને ગત નવમીએ પેરેલિસિસનો એટેક આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટ ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયા હતાં. ઓપરેશન બાદ ફરીથી સિવિલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ ગત સાંજે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર પુંજાભાઇ નિવૃત જીવન જીવતાં હતાં. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં શાપર પોલીસે કાર્યવાહી કરી હતી. આમ બે બનાવમાં બે પરિવારે સ્વજન ગુમાવ્યા હતાં.


## જીમ ટ્રેનર સાથે ૨૦ લાખની ઠગાઈ કરનાર ગોવાના વેપારીના આગોતરા જામીન રદ

### વાંધા-જવાબો ધ્યાને રાખી સેસન્સ કોર્ટ દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી ફગાવ્યા

રાજકોટ,તા.૧૫

સીલ્વર હાઈટ્સમાં જીમ ટ્રેનર તરીકે કામ કરતાં ઈસમ સાથે ગોવાના વેપારી દ્વારા ઊંચા વળતરની લાલચ આપી રૂપીયા વીસ લાખની છેતરપીંડી કરવા સબબની ફરીયાદ રાજકોટ ગાંધીગ્રામ પો. સ્ટે ખાતે તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬ મુજબની નોંધવામા આવેલ હતી જે કામે આરોપીએ રાજકોટની સેસન્સ કોર્ટમા આગોતરા જામીન અરજી કરતા જામીન અરજી નામંજુર કરવામા આવી હતી.

જીમ ટ્રેનર ફરિયાદી સુનિલભાઈ કાળીદાસભાઈ ચાવડા રેલનગરમાં રહે છે. તેઓ સિલ્વર હાઈટ્સ નાનામવા સર્કલ ખાતે જીમ ટ્રેનર તરીકે હોય અને ત્યાં બિલ્ડિંગમાં રહેતા એક બેનના પર્સનલ ટ્રેનર તરીકે કામ કરતા હોય જેથી તેમની સાથે સારો પરિચય થયેલો હતો અને આ બેન મારફત તેમના ભાઈ અનુજભાઈ અનિલભાઈ ખોખરા કે જેઓ ગોવા મુકામે રહેતા હતા તેમના પરિચયમાં આવ્યા હતા.




અનુજભાઈ જ્યારે રાજકોટ આવ્યા હત ત્યારે તેમણે ફરિયાદીને જણાવ્યું હતું કે તેઓ વિલા ભાડે રાખવાનો ધંધો કરે છે અને તેઓ આખા વર્ષ માટે વીલા ભાડે લઈલે છે અને ત્યારબાદ દૈનિક ભાડે ગોવા આવતા ટુરીસ્ટોને વિલા ભાડે આપે છે અને માસિક ૧૦ ટકા જેવો નફો પણ મેળવે છે અને હજુ અનુજભાઈ અન્ય વિલા ભાડે રાખવા માંગતા હોય તેમજ વીલા ભાડે રાખવા માટે તેઓ ઈન્વેસ્ટર પણ ગોતી રહ્યા હોવાથી અને એક વીલા ભાડે રાખવાનો વાર્ષિક ખર્ચ સાડા સાત લાખ રૂપિયા આવે છે અને ઓછામાં ઓછા ત્રણ વીલા ભાડે રાખવા પડે છે અને અંદાજિત વીસ લાખ જેટલું રોકાણ કરવું પડે છે.

જેથી ફરિયાદી આરોપીની લોભામણી જાહેરાતમાં આવી ગયેલા અને રોકાણ માટે તૈયારી દર્શાવી હતી. જેથી આરોપી રૂપિયા મોકલી આપો અને જે સબબ તમને કાયદેસર એગ્રીમેન્ટ પણ કરી આપીશ અને દર મહિને તમારા રોકાણના ઓછામાં ઓછા ૧૦% જેટલું વળતર તમારા બેંક ખાતામાં એક થી પાંચ તારીખમાં ટ્રાન્સફર પણ કરી આપીશ તેવો ભરોસો અને વિશ્વાસ આપેલો હતો જેથી ફરિયાદીએ અલગ અલગ તારીખે આરોપીના બેન્ક એકાઉન્ટ માં રૂ.૧૨,૫૬,૦૦૦/- તેમજ રોકડમાં રૂ.૭.૫૦,૦૦૦/- આપ્યા હતા. ફરિયાદી દ્વારા નવેમ્બર ૨૦૨૪ ના અરસામાં પૈસા આપેલા હોવા છતાં આજદિન સુધી આરોપી તરફથી વળતર પેટે કોઈ જ રકમ મળી ન હતી કે તેમને કોઈ એગ્રીમેન્ટ પણ કરી આપ્યો ન હતો તેમજ કયા વિલા ભાડે રાખ્યું છે તેની પણ કોઈ માહિતી આપી ન હતી અને આ રીતે વિગતવારની ફરિયાદી નોંધવામાં આવેલી હતી અને આરોપી દ્વારા આગોતરા જામીન મેળવવા માટે રાજકોટની સેસન્સ કોર્ટમા જામીન અરજી કરી હતી.

જે અન્વયે સરકારતરફથી થયેલ દલીલો તેમજ તપાસ કરનાર અધીકારી દ્વારા રજુ કરવામા આવેલુ સોગંદનામું તેમજ મુળ ફરીયાદી વતી આરોપીની જામીન અરજી રદ કરવા સબબ રજુ કરેલી વિગતવારના વાંધા-જવાબો ધ્યાને રાખી રાજકોટની સેસન્સ કોર્ટ દ્વારા આરોપીની આગોતરા જામીન મેળવવાની અરજી નામંજુર કરી છે. ફરીયાદી સુનિલભાઈ કાળીદાસભાઈ ચાવડા વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ વી. જાદવ, નિલેશભાઈ કે. તન્ના, પ્રહ્લાદસિંહ બી. ઝાલા, તેમજ સરકાર વતી સ્મીતાબેન અત્રી રોકાયા હતા.

## વેપન કાર્ટેલઃ ત્રણ પિસ્ટલ સાથે બે ઝડપાયા

રાજકોટ, તા.૧૫

શહેરમાં અષાઢી બીજના તહેવાર નિમિત્તે નીકળનારી ભવ્ય રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જળવાઈ રહે તે હેતુથી પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ગુનાખોરી ડામવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાના પગલે પીસીબીની ટીમે ગેરકાયદેસર હથિયારોનું ખરીદ-વેચાણ કરતી કુખ્યાત નવેપન કાર્ટેલથનો પર્દાફાશ કર્યા બાદ પુછપરછમાં ગેંગના વધુ બે સાગરીતોને ૩ દેશી બનાવટની પિસ્તોલ અને ૨ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લેવામાં સફળતા મળી છે.

મળતી માહિતી મુજબ, પી.સી.બી. પી.આઈ એમ. આર. ગોંડલીયાના સીધા માર્ગદર્શન હેઠળ પીસીબીની ટીમે ગેરકાયદેસર હથિયારોના વેચાણના આ રેકેટમાં સામેલ ૬ આરોપીઓને ૧૮ હથિયારો અને ૩૦ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા. મીરજાપુરનો સપ્લાયર સકીલ સાદીક મન્સુરી, જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઇ વાઘેલા, ગાવસ્કર ઉર્ફે દર્શન ચંન્દ્રમૌલિકભાઇ ઉર્ફે અનિલભાઇ રોજાસરા, અનિલભાઇ વિરાભાઇ ખેતરીયા , પ્રદિપભાઇ અનકભાઇ કરપડાને લેવામાં આવ્યા હતા. પીસીબીની ટીમે પકડાયેલા આરોપી પ્રદીપ કરપડાની આકરી પૂછપરછમાં વધુ એક નામ સામે આવ્યું હતું કે તેણે અગાઉ લોધિકાના વડ વાજડી ગામના ન્યારી ડેમ પાસે વેનીલા કેફે ચલાવતા યુ-





**સતત ત્રીજા દિવસે દરોડામાં પોલીસને સફળતા**

ટ્યુબર સંદીપસિંહ પ્રભાતસિંહ પરમારને હથિયારો આપ્યા હતા. જેને પગલે પી.સી. બી. ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી સંદીપસિંહ પરમારને બે દેશી પિસ્તોલ સાથે ઝડપી લીધો હતો.

પકડાયેલા મિરઝાપુર ના સુત્રધાર સહીત પાંચ શખ્સોના રિમાન્ડ મેળવી પુછપરછ શરૂ કરવામાં આવી છે.ત્યારે તપાસ દરમિયાન પકડાયેલા આરોપી પ્રદીપ ઉર્ફે અનકભાઈ કરપડાએ કબૂલાત કરી હતી કે તેણે અગાઉ એક દેશી બનાવટનું હથિયાર અને કાર્ટીસ આરીફ પઠાણ નામના શખ્સને આપ્યું હતું. જ્યારે અન્ય આરોપી શકીલ સાદીક મન્સૂરીની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે તેણે જયપાલ ડેડાણીયા નામના શખ્સને હથિયારો આપ્યા હતા.

આવી બાતમીના આધારે પી.સી. બી.ના પી.આઈ એમ.આર.ગોંડલીયા સાથે પીએસઆઈ પી.બી.ત્રાજીયા, પીએસઆઈ આર.કે.જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા , યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને જયેશભાઇ ગઢવીએ સતત ત્રીજા દિવસે દરોડા પાડી તાત્કાલિક કાર્યવાહી કરીને બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલા ગંજીવાડા મેઇન રોડ, મસ્જીદ ચોક પાસે રહેતા જમીન-મકાનના દલાલ આરીફ ગફારભાઈ પઠાણ અને રણુજા મંદિર સામે, ન્યુ વેલનાથ પરા શેરી નં. ૩માં રહેતા જયપાલ રાજેશભાઈ ડેડાણીયા પાસેથી ૩ દેશી બનાવટની પિસ્તોલ તેમજ ૨ નંગ જીવતા કાર્ટીસ કબજે કર્યા હતા.

ઝડપાયેલા બંને આરોપીઓ રીઢા ગુનેગાર હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છેઃ આરીફ પઠાણ સામે વડોદરા સાયબર ક્રાઇમમાં આઈ.ટી. એક્ટ અને છેતરપિંડી, તેમજ રાજકોટના થોરાળા, બી-ડિવિઝન, એ-ડિવિઝન, કુવાડવા રોડ અને ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ, રાયોટિંગ, એટ્રોસિટી એક્ટ, મનીલેન્ડ એક્ટ અને ધાક-ધમકી સહિતના અગાઉ ૧૦ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જયારે જયપાલ ડેડાણીયા સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં મારામારી, ધાક-ધમકી, પ્રોહિબિશન અને જાહેરનામા ભંગના અગાઉ ૩ ગુનાઓ નોધાઇ ચુક્યા હોવાનુ પોલીસે જણાવ્યું હતું.




## કરોડોની ઘરફોડીનો ઉકેલાયો ભેદ

### ગુજરાતી પરિવારના મકાનમાંથી ૨.૯ કરોડથી થઇ 'તી ચોરી : ૪ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૫

મથુરામાં જૈત પોલીસ સ્ટેશને એક ગુજરાતી પરિવારમાંથી ૨.૯ કરોડની ચોરીનો સનસનાટીભર્યો કેસ ઉકેલ્યો છે. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને ૨ કરોડ રોકડા અને ૬૦ લાખથી વધુના દાગીના જપ્ત કર્યા છે. મથુરાના જૈત પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે ચાર મહિના પહેલા થયેલી એક મોટી ચોરીનો કેસ સફળતાપૂર્વક ઉકેલ્યો છે. ગુજરાતના ગાંધીનગરના રહેવાસી રાકેશ પ્રજાપતિ તેમના પુત્ર માનવ પ્રજાપતિ સાથે વૃંદાવનમાં રહેવા આવ્યા હતા. તેમણે તેમની મિલકતના વેચાણમાંથી મળેલી રકમ એક ફ્લેટમાં રાખી હતી. ત્યાં તેઓ આલોક અને રાજનને મળ્યા, જેઓ ગેસ્ટ હાઉસ ચલાવતા હતા. આરોપીઓએ તેમને આશ્રમ બનાવવાનું વચન આપીને લલચાવ્યા અને તકનો લાભ લઈને તેમના ફ્લેટમાંથી ૨.૯ કરોડની ચોરી કરી હતી. સઘન તપાસ બાદ, પોલીસે ચાર રીઢાચોરોને પકડી પાડ્યા છે.

મથુરાના એસએસપી શ્લોક કુમારે જણાવ્યું હતું કે જૈત પોલીસે ઘટનામાં સામેલ ચાર આરોપીઓની ધરપકડ કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. ધરપકડ કરાયેલા વ્યક્તિઓમાં રાજન, આલોક, પ્રેમ સાગર અને હિરેનનો સમાવેશ થાય છે; ખાસ કરીને, પ્રેમ સાગર અને હિરેન પણ ગુજરાતના રહેવાસી છે. પોલીસે આરોપીઓ પાસેથી ૨ કરોડની રોકડ, ચોરાયેલી રકમનો એક ભાગ જપ્ત કરી હતી. વધુમાં, ૬૦ લાખથી વધુના સોનાના દાગીના, મોબાઇલ ફોન અને ઘડિયાળ પણ જપ્ત કરવામાં આવી હતી.

ક્રોધથી કાળઝાળ થઇ જતો માણસ ગમે ત્યારે બની જતો હોય છે ઘાતકીઃ વધુ બે હત્યા

# પિતાનું ઢીમ ઢાળતો કપાતરઃ બાપની નજર સામે પુત્રની હત્યા

## બાથરૂમમાં પાણી નાંખવા જેવી વાતે ઝઘડો થતાં દિકરાએ સળીયાના ઘા ફટકારી પિતાના રામ રમાડી દીધાઃ બીજી ઘટનામાં એક લાખની ઉઘરાણીમાં ઓગણીસ વર્ષના યુવાનને પિતાની નજર સામે નવ જણાએ રહેંસી નાંખ્યો

રાજકોટ, તા. ૧૫

નહિ જેવી વાતે એક બીજા પર તૂટી પડતાં લોકો એકબીજાને દવાખાનાના ખાટલે પહોંચાડી દેતાં હોય છે. તો ઘણીવાર નજીવી વાતે થયેલો ડખ્ખો હત્યા સુધી પહોંચી જતો હોય છે. હત્યાની વધુ બે ઘટના બની છે જેમાં બાથરૂમાં પાણી નાંખવા જેવી વાતે સળીયાના ઘા ફટકારી દિકરાએ પિતાને પતાવી દીધા હતાં. તો બીજી તરફ લાખ રૂપરડીની ઉઘરાણીના ડખ્ખામાં પિતાની નજર સામે જ પુત્રને રહેંસી નંખાયો હતો.

રાજ્યમાં રોજબરોજ મારામારી, હત્યાની કોશિષ અને હત્યાની ઘટનાઓ બનતી જ રહે છે. વધુ બે હત્યાના બનાવ સામે આવ્યા છે. પ્રથમ ઘટના જોઇએ તો સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં બાથરૂમમાં પાણી નાખવા જેવી સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં પુત્રએ પિતાની હત્યા કરી છે. આ ઘટનામાં સાંઇઠ વર્ષીય પિતા સુખલાલ ઓમકાર લામોળેનું મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે આરોપી પુત્ર વિરૂધ્ધગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર  જોળવા ગામ સ્થિત આરાધના ડ્રીમ સોસાયટીના વિભાગ-૧માં બની હતી. સુખલાલ લામોળે અને તેમના પુત્ર જીતુભાઈ સુખલાલ લામોળે વચ્ચે બાથરૂમમાં પાણી નાખવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો વકરતા જીતુભાઈએ રસોડામાંથી બાંધકામમાં વપરાતો લોખંડનો સળિયો લાવી પિતા સુખલાલના ડાબા કાન પાછળ ગરદનના ભાગે જોરદાર ઘા ઝીંક્યો હતો. ગંભીર ઈજા થતાં સુખલાલ લામોળેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હુમલા બાદ આરોપી પુત્ર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. હત્યાનો ભોગ બનનારના પત્નિ આશાબેન સુખલાલ લામોળેની ફરિયાદના આધારે પલસાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સમગ્ર બનાવની તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી.ડી. ઝીલરિયા ચલાવી રહ્યા છે. બારડોલી વિભાગના વિભાગીય પોલીસ અધિકારી એચ. એલ. રાઠોડ દ્વારા ઘટનાસ્થળની મુલાકાત લેવામાં આવી હતી. પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે વધુ તપાસ શરૂ કરી હતી.હત્યાની બીજી ઘટના જોઇએ તો વડોદરાના કિશનવાડીમાં એક લાખની ઉઘરાણી મુદ્દે મોડીરાત્રે થયેલા ઝઘડામાં નવ આરોપીઓએ પિતા-પુત્રો પર હુમલો કર્યો હતો. રાજસ્થાનના વિક્રમભાઇ વણઝારાના ઓગણીસ વર્ષીય પુત્ર સુમિતની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી




હતી. બાપોદ પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો હતો. વિગતો અનુસાર રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ગાંગી ગામના મૂળ વતની વિક્રમભાઇ ગોરધનભાઇ વણઝારા હાલમાં કિશનવાડી વુડાના મકાનની સામે ભાનુ-તાપ સોસાયટીમાં રહે છે અને સ્ક્રેપનો વેપાર કરે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે ન્યુ વી.આઇ.પી.રોડ મુખીનગર પાસે લક્ષ્મીનગરમાં રહેતા મેઘરાજ ઉર્ફે રમેશ વણઝારા સાથે વેપારમાં એક લાખની ખોટ ગઇ હતી.આ રૂપિયા માટે અમારે મિટિંગ થતા મેઘરાજે રૂપિયા આપવાની ના પાડી દેતા અમારી વચ્ચે ઝઘડો થયો હતો. આરોપીઓએ મારા પર હુમલો કર્યો હતો. વિષ્ણુ, વિક્રમ, કાળુ તથા મેઘરાજે મને પકડીને મારવા લાગ્યા હતા.તે દરમિયાન મારો દીકરો સુમિત, શૈલેષ તથા બ્રિજેશ મને છોડાવવા વચ્ચે પડયા હતા. આરોપીઓ પૈકી ધર્મેશ, વિનોદ, અજય અને પંકજ મારા દીકરાઓને ઢસડીને નજીકમાં આવેલા મોબાઇલ કંપનીના ટાવર પાસે લઇ ગયા હતા. શૈલેષને પીઠના ભાગે ચાકૂના ઘા માર્યા હતા. મારા નાના દીકરા સુમિતને વિનોદ, અજય, પંકજ તથા ધર્મેન્દ્રએ માર માર્યો હતો. અજયે ચાકૂ વડે સુમિતને મોંઢા પર, ધર્મેશે પીઠ પર ચાકૂના ઘા મારી દેતા તે ઢળી પડયો હતો. ત્યારબાદ હુમલાખોરો ભાગી ગયા હતા. મારી દીકરા સુમિતને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો.પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. બાપોદ પી.આઇ.ડી.ડી.લાડુમોરે વધુ તપાસ હાથ ધરી હતી. આમ હત્યાની વધુ બે ઘટનાઓ અલગ અલગ શહેરમાં અલગ અલગ કારણોસર બની ગઇ હતી.

કંપનીના નંબર પર ફોન કરી હોસ્પિટલના પરચેઝ મેનેજરની ઓળખ આપી જાળ બીછાવી

# સરકારી ટેન્ડરની લાલચે સવા અઢાર લાખ ખોયા

## ત્રણ ગઠીયાઓએ સાથે મળી ઓનલાઇન ફ્રોડ આચર્યુઃ કંપની સંચાલકના નાણા ઉસેડી છેલ્લે ત્રણેયએ ફોન બંધ કરી દીધા

રાજકોટ, તા. ૧૫

અલગ અલગ રીતે લાલચ આપી લોકોને છેતરી લેતાં ગઠીયાઓએ પોતાનો ધંધો પુરવેગમાં રાખ્યો છે. વધુ એક ઓનલાઇન છેતરપીંડી થઇ છે જેમાં ગઠીયાઓએ સરકારી હોસ્પિટલ અને રેલ્વેના ટેન્ડર અપાવી દેવાની લાલચની જાળ બીછાવી કંપનીના સંચાલકને અઢાર લાખ એકત્રીસ હજારનો ચૂનો લગાવી દીધો હતો. ત્રણ ગઠીયાઓએ આ ફ્રોડ આચર્યુ હોઇ પોલીસે કાર્યવાહી કરી ત્રણેયને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો સાણંદના ચાંગોદર જીઆઇડીસી વિસ્તારમાં આવેલી એક કંપનીના સંચાલકને સરકારી હોસ્પિટલ અને રેલવેનું કરોડો રૂપિયાનું ટેન્ડર અપાવવાની લાલચ આપી ત્રણ ગઠિયાઓએ ભેગા મળીને કુલ રૂ. ૧૮.૩૧ લાખની ઓનલાઈન તેમજ રોકડ મેળવી ઠગાઈ આચરતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.  સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, અમદાવાદમાં રહેતા ચોવીસ વર્ષીય મોહમ્મદ અબ્દુલ્લાહ નગરીયા ચાંગોદરના રત્નામણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં બાયોમેટા પોલીપેક નામની કમ્પોસ્ટેબલ પ્રેડક્ટ્સ બનાવતી કંપની ધરાવે છે.



આ યુવાનને તેની કંપનીના સત્તાવાર નંબર પર રાજેશ રાજોરીયા નામના એક શખ્સે ફોન કર્યો હતો અને પોતે અસારવા હોસ્પિટલનો પરચેઝ મેનેજર હોવાની ઓળખ આપી હતી. રાજેશ નામના આ શખ્સે વેપારીને જણાવ્યું હતું કે, હોસ્પિટલ માટે બાયો મેડિકલ વેસ્ટ બેગનું રૂપિયા બે કરોડનું સરકારી ટેન્ડર છે, જેમાં તેનું દસ કમિશન રહેશે. આ સરકારી ટેન્ડર મેળવવા માટે અલગ-અલગ સરકારી સર્ટિફિકેટ્સ બનાવવા પડશે તેમ કહીને રાજેશે સર્ટિફિકેટ બનાવી આપતા તેના સાગરીતો રાહુલ શર્મા અને શૈલેષભાઈના મોબાઈલ નંબર વેપારીને આપ્યા હતા.

આ રીતે ગઠિયાઓની જાળમાં ફસાયેલા વેપારીએ વિશ્વાસ રાખીને અલગ-અલગ તારીખોમાં વિવિધ બેંક ખાતાઓ અને ક્યુ.આર. કોડ મારફતે કુલ રૂ. ૧૭,૯૬,૯૪૯ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત, ગત ૨૩ મે ના રોજ રાહુલ શર્મા રૂબરૂ કંપની પર આવ્યો હતો અને વિઝિટ વગર સેટિંગ કરી સર્ટિફિકેટ અપાવવાના બહાને રૂ. ૩૫,૦૦૦ રોકડા પણ લઈ ગયો હતો.ત્યારબાદ વેપારીને ટેન્ડરની લાલચ આપવામાં આવી હતી. બે કરોડના સરકારી ટેન્ડરમાં ઠગે તેનું દસટકા કમિશનની જાળ બિછાવી પચ્ચીસ દિવસમાં જ અલગ-અલગ સર્ટિફિકેટ્સ અને ડમી બિડરના બહાને લાખો રૂપિયા પડાવ્યા માટે ઠગોએ ટેન્ડરના એંસી ટકા ફંડ આપવાનું કહીને વધુ પાંચ સર્ટિફિકેટના નામે રૂ. ૫.૫૦ લાખની માંગણી કરી હતી, જ્યારે અગાઉ ડમી બિડરના નામે ચૂકવેલી રકમ રિફંડ મળવાની ખાતરી આપી હતી.

જોકે વેપારી પાસે રૂપિયા ન હોવાથી તેમણે વધુ નાણાં આપવાની ના પાડી દીધી હતી અને અગાઉ ડમી બિડરના નામે ચૂકવેલી રકમ રિફંડ આપવા જણાવ્યું હતું. વેપારીએ રૂપિયા રિફંડ માંગતા જ ગઠિયાઓએ ટેન્ડર પણ આપવાનો ઇનકાર કરી ફોન બંધ કરી દીધા હતાં. ત્યારે કંપની સંચાલકને પોતાની સાથે દગો થઇ ગયાની જાણ થતાં પોલીસને જાણ કરી હતી. આ કિસ્સામાં પોલીસે ત્રણ ગઠીયાઓ સામે ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા તપાસ આરંભી હતી. આરોપીઓ હાથમાં આવ્યા તેણે આચરેલી અન્ય આવી ઠગાઇના કિસ્સા પણ સામે આવવાની પોલીસને આશંકા છે.

# યુવાનને બે લુખ્ખાએ છરી બતાવી લૂંટી લીધો

## તું અહિ ગાંજો વેંચવા આવ્યો છો કહી ધમકાવી રોકડ લૂંટી ભાગ્યાઃ થોરાળા પોલીસે શકમંદોને ઉઠાવ્યા

રાજકોટ, તા. ૧૫

શહેરમાં ચોરી-લૂંટના બનાવ અવાર-નવાર બને છે. દરમિયાન એક યુવાન પાનની દુકાને વિમલ ખાવા ઉભો ત્યારે બે લુખ્ખાએ આવી તું અહિ ગાંજો વેંચવા આવ્યો છે તેમ કહી છરી બતાવી ધમકાવી રોકડ લૂંટી લીધી હતી. વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં થોરાળા પોલીસે લોધીકાના ચીભડા ગામે રહેતાં સાવન હેમતભાઇ ગોહેલ નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી વિશાલ ઉર્ફે કાળીયો ભુપતભાઇ માણસુરીયા અને શુભમ ઉર્ફે શુભલો વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. સાવન દરજીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યા મુજબ તા. ૧૦ના રોજ રાત્રિના દશેક વાગ્યાની આસપાસ પોતાના કામથી નવાગામ તરફ એકલો એક્ટીવા લઇને ગયો હતો. રાતે સાડા દસેક વાગ્યે પરત આવતી વખતે ચુનારાવાડ ચોક પાસે આવેલી એક પાનની દુકાને તે વિમલ ખાવા માટે ઉભો રહ્યો હતો.આ દરમિયાન બે અજાણ્યા શખ્સ ત્યાં ધસી આવ્યા હતા. જેમાંથી એકના માથામાં ટાલ હતી અને જમણા હાથની આંગળી કપાયેલી હતી.



જ્યારે બીજા શખ્સના છાતીના ભાગે ટેટૂ ત્રોફાવેલું હતું. આ બંને શખ્સોઅ સાવનને તું અહીં શા માટે ઉભો છો? તું અહીં ગાંજાનું વેચાણ કરે છે ને? તેમ કહેતાં સાવને હું કોઇ ગાંજો વેંચતો નથી તેમ કહ્યું હતું. આ પછી બંને શખ્સોએ તપાસ કરવી પડશે તેમક હી બળજબરીથી તેના એક્ટિવાની ડિકી ખોલાવી હતી અને પાકીટ બતાવવા દબાણ કર્યું હતું. સાવને પાકીટ બતાવવાની ના પાડતા બંને શખ્સો ઝઘડો કરવા લાગ્યા હતા. ઝઘડા દરમિયાન માથામાં ટાલ વાળા શખ્સે પોતાની નેફામાંથી છરી કાઢી સાવનને બતાવી ધમકી તારું પાકીટ આપી દે નહીતર હું છરીના ઘામારી દઈશ તેવી ધમકી આપી રૂા. ૬૫૦૦ની રકમ લૂંટી લીધી હતી અને ભાગી ગયા હતાં. બનાવ બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ત્યાં હાજર એક વ્યક્તિએ આ બંને લૂંટારાના નામ જણાવ્યા હતાં. જેમાં ટાલવાળો અને આંગળી કપાયેલો હતો તે વિશાલ ઉર્ફે કાળીયો અને છાતીમાં ટેટૂ ત્રોફાવેલો શખ્સ શુભમ ઉર્ફે શુભલો હોવાનું કહ્યુ હતું. બનાવ અંગે સાવને પોતાના સગા-સંબંધીઓ સાથે વાતચીત કર્યા બાદ થોરાળા પોલીસને જાણ કરતાં ઇન્સપેક્ટર એસ. પી. સોઢાની રાહબરીમાં હેડકોન્સ. એચ. વી. છૈયાએ ગુનો નોંધ્યો છે. આરોપીને ઝડપી લેવા પીએસઆઇ બી. આર. સાવલીયા અને ડી. સ્ટાફ ટીમે તપાસ શરૂ કરી સકંજામાં લેવા તજવીજ હાથ ધરી હતી.

ગુના આચરીને ભાગી નીકળનારા ગમે એવા શાતીર હોય એક દિવસ તો કાનૂનના લાંબા હાથ તેના સુધી પહોંચે જ

# બીસ સાલ બાદઃ બે દાયકાથી ફરાર આરોપી પકડાયો

## ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર જયદિપસિંહ સરવૈયાની ટીમે ઘરેલુ હિંસાના કેસમાં ફરાર શખ્સને સુરતથી પકડી કાર્યવાહી કરી

રાજકોટ, તા. ૧૫

ગુનેગારો ગમે એટલા શાતીર કેમ ન હોઇ પોલીસ તેને ધરતીના કોઇપણ છેડેથી ગમે ત્યારે શોધી લેતી હોય છે. હાલમાં ગુજરાત રાજ્યની પોલીસ દ્વારા જુના ગુનાઓમા ફરાર આરોપીઓને શોધી કાઢવાની ખાસ ઝુંબેશ ચાલી રહી છે. આ અંતર્ગત રાજકોટ શહેર પોલીસ પણ સતત આવા આરોપીઓને શોધી શોધીને કાર્યવાહી કરી રહી છે. ગઇકાલે પેરોલ ફરલો સ્ક્વોડે મારામારીના ગુનામાં ફરાર શખ્સને પંદર વર્ષ બાદ પકડી લીધો હતો. દરમિયાન હવે ભક્તિનગર પોલીસની ટીમે ઘરેલુ હિંસાના મામલે નોંધાયેલા કેસમાં સતત વીસ વર્ષથી ફરાર શખ્સને પકડી લીધો હતો. સતત પોલીસને થાપ આપનારો આ શખ્સ અંતે બીસ સાલ બાદ હાથમાં આવી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનની ટીમે એક મહત્વની સફળતા મેળવી છે. ઘરેલું હિંસાના ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને સુરતના અડાજણ વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટમાં આ શખ્સ વિરૂધ્ધ વર્ષ ૨૦૦૬માં ગુનો દાખલ થયા બાદ જે તે વખતે પોલીસે ચાર આરોપીને પકડી લીધા હતાં. જ્યારે આ એક આરોપી ફરાર હતો. તે કુવૈતથી સુરત પ્રસંગમાં આવ્યાની જાણ થતાં જ પોલીસ પહોંચી ગઇ હતી અને કાર્યવાહી કરી હતી.પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ઉચ્ચ અધિકારીઓની સુચના અંતર્ગત અલગ અલગ પોલીસ સ્ટેશનની ટીમો અને પેરોલ ફરલો સ્ક્વોડની ટીમો કાર્યરત થઇ છે. આ દરમિયાન ભક્તિનગર પોલીસની ટીમે ૨૦ વર્ષ પહેલાના ઘરલુ હિંસાના કેસમાં સતત



ફરાર રહેતાં શખ્સ ત્રેપન વર્ષના સંજયભાઇ સવજીભાઇ મકવાણા કે જેનું હાલનું એડ્રેસ સુરત અડાજણ પાલ રોડ, રામદુત રો હાઉસ બ્લોક નં. ૮ છે તેને સુરત પકડી લઇ કાર્યવાહી કરી હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.ડી.પરમાર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ જુના ગુનાઓમાં ફરાર આરોપીઓને શોધી કાઢવા સતત પ્રયત્નશીલ હતી. વધુ માહિતી અનુસાર ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૬માં મારકુટ, ધાકધમકી સહિતની કલમો હેઠળ ારેલુ હિંસાનો ગુનો દાખલ થયો હતો. જે તે વખતે પોલીસે પરિણીતાના સાસુ, સસરા સહિતની ધરપકડ કરી લીધી હતી. પરંતુ તેણીનો પતિ સંજયભાઇ મકવાણા ફરાર થઇ ગયો હતો. પોલીસે અલગ અલગ સમયે વડોદરા, સુરત સહિતના શહેરોમાં આ શખ્સની તપાસ કરી હતી. પરંતુ તે હાથ આવ્યો નહોતો. તે કુવૈત જતો રહ્યાની અને ત્યાં ઓઇલ કંપનીમાં નોકરી કરતો હોવાની પ્રાથમિક વિગતો પોલીસને મળી હતી. આ દરમિયાન હાલમાં તે સુરત કોઇ પ્રસંગ આવ્યાની બાતમી હ્યુમન અને ટેકનીકલ સોર્સ મારફત મળતાં જ તેને સુરત અડાજણ વિસ્તારમાંથી પકડી લલઇ વીસ વર્ષ પહેલાના ગુનામાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.  પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ જે. ડી. પરમાર, પીએસઆઇ વી. એલ. રાઠોડ, એએસઆઇ હર્ષભાઇ કે. માવદીયા, કોન્સ. અમિતભાઇ તેરૈયા અને હોમગાર્ડ સુભાષભાઇ નિરંજનીએ આ કામગીરી કરી હતી. ભક્તિનગર પોલીસની આ કામગીરીને ઉચ્ચ અધિકારીઓએ બીરદાવી હતી. ગુનેગારો ગમે એટલા શાતીર હોય અને ગમે ત્યાં ભાગે પણ છેલ્લે તો કાનૂનના લાંબા હાથ તેના સુધી પહોંચી જ જતાં હોય છે. ફિલ્મી ડાયલોગમાં સાંભળવા મળતાં ડાયલોગ હાલમાં રાજકોટ પોલીસ હકિકતમાં સાચા પાડી રહી છે અને કામગીરી કરી રહી છે.

ઘર હોય ત્યાં વાસણ ખખડે, પણ ક્યારેક પતિ ખુબ બગડે ને પત્નિ દવાખાનાના ખાટલે પહોંચે

# બે પરિણીતાને સાસરીયાઓની મારકુટ- ત્રાસ

## તું તારી બહેન સાથે વાતો કેમ કરે છે કહી બાવીસ વર્ષની પરિણીતાને પતિએ ઢીકાપાટુ ઈંટથી ફટકારીઃ બીજી ઘટનામાં તું પાંચ દિવસ જુની રોટલી મને આપે છે કે હી ચાલીસ વર્ષિય મહિલાને નશાખોર પતિએ પથ્થરથી માર માર્યો

રાજકોટ, તા. ૧૫

પતિ દ્વારા પત્નિની મારકુટ કરવાની વધુ બે ઘટના સામે આવી છે. દામ્પત્ય જીવનમાં પતિ-પત્નિ વચ્ચે નાની મોટી વાતે ચણભણ થતી રહેતી હોય છે. ઘર હોય ત્યાં વાસણ ખખડે એ કહેવત મુજબ બંને વચ્ચે બોલાચાલી થાય પછી સમાધાન પણ થઇ જતું હોય છે. પરંતુ ક્યારેક પતિ કે પત્નિ એક બીજા માટે વધુ ત્રાસદાયક બની જાય ત્યારે વાત મારામારી સુધી અને પોલીસ સ્ટેશન સુધી પહોંચી જાય છે. એક ઘટનામાં પરિણીતા તેની બહેન સાથે ફોનમાં વાત કરતી હોઇ પતિને ન ગમતાં બેફામ મારકુટ કરી લીધી હતી. બીજી ઘટનામાં દારૂડીયા પતિએ પત્નિનું તું મને પાંચ દિવસની વાસી રોટલી જમવામાં આપે છે તેમ કહીને ધોલધપાટ કરી લેતાં તેણીને હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગોંડલના ગુંદાળામાં એક પરિણીતા તેના મોટા બહેન સાથે ફોનમાં વાત કરતી હોઇ આ બાબતનો ખાર રાખી તેણીને પતિએ ઢકીપાટુનો માર મારી માથામાં ઈંટ ફટકારી ઈજા પહોંચાડતાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી. ગુંદાળા ગામે શીપકોલ્ડ કંપની નજીક રહેતી અંશુબેન અશોક સહાની નામની બાવીસ વર્ષની પરિણીતાને સાંજે આઠેક વાગ્યે પતિ અશોકે ઝડઘો કરી ઢીકાપાટુનો માર માર્યા બાદ માથામાં ઈંટ ફટકારી દેતાં દેકારો મચી ગયો હતો.

બનાવને પગલે આસપાસમાંથી બીજા લોકો દોડી આવતાં તેણીને વધુ મારથી બચાવી હતી. તેણીના ભાઇને જાણ થતાં તે પહોંચ્યો હતો અને ગોંડલ ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. અંશુબેન અને તેનો પતિ મુળ બિહારના વતની છે, પતિ કંપનીમાં નોકરી કરે છે. તેણીને સંતાનમાં એક દિકરી છે. મોટી બહેનનો બિહારથી ફોન આવતાં પોતે તેમાં



વાત કરતી હોઇ આ બાબતે પતિએ વાંધો ઉઠાવી તું કેમ તારી બહેન સાથે ફોનમાં વાત કરે છે? કહી માર મારી લીધો હતો. પોલીસે તેણીની આ હકિકતને આધારે કાર્યવાહી કરી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો રાજકોટના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં રહેતાં એક મહિલાને તેણીના પતિએ ઢીકાપાટુનો અને પથ્થરથી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. આ કિસ્સામાં પતિની દારૂ પીવાની ટેવ કારણભુત હોવાનું બહાર આવ્યું હતું.

વિશેષ માહિતી અનુસાર લોધેશ્વર સોસાયટીમાં રહેતાં જ્યોતિબેન રમેશભાઇ ઝરીયા નામના ચાલીસ વર્ષના મહિલા ઘરે હતાં ત્યારે તેના પતિ રમેશભાઇ કનુભાઇ ઝરીયાએ ઝઘડો કરી ગાળો દઇ પહેલા તો ઢીકાપાટુનો માર માર્યો હતો પછી પથ્થર ફટકારી ઇજા કરી હતી. જ્યોતિબેનની બુમાબુમ સાંભળી ઘરના બીજા સભ્યો ભેગા થઇ જતાં તેણીને વધુ મારથી બચાવી હતી. દુઃખાવો ઉપડતાં તે સારવાર માટે દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી.

જ્યોતિબેને કહ્યું હતું કે તેણીને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પતિ દારૂ પી રોજબરોજ ખેલ કરે છે. કમાવવા જાય તો વાપરી નાંખે છે. ઘરનું ગુજરાન ચલાવવા પોતાને કામે જવું પડે છે. ગઇકાલે પતિ દારૂ પીને આવ્યા હતાં અને જમવા બેઠા ત્યારે તું મને પાંચ દિવસની વાસી રોટલી ખવડાવે છે તેમ કહી ગાળાગાળી કરી હતી અને ઝઘડો કરી મારકુટ ચાલુ કરી હતી. જ્યોતિબેનની આ હકિકતને આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આમ બે અલગ અલગ ઘટનામાં પત્નિઓને અલગ અલગ કારણોસર પતિનો માર પડતાં સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.

ઘરમાં ચાલતાં કજીયા કલેશનો બદલો લેવા ન કરવાનું કર્યુ

# પુત્રવધૂએ ઘરમાં કરી લાખોની ચોરી!

**કૌટુંબીક ભાઇ સાથે મળી પ્લાન ઘડ્યોઃ પર્દાફાશ થતાં પોલીસ પણ ચોંકી ગઇઃ ભાઇ-બહેનની ધરપકડ કરી સાડા નવ લાખના દાગીના કર્યા કબ્જેઃ બીજા ડિટેક્ટશનમાં ધાડનો ગુનો ઉકેલી સાત શખ્સોની ટોળકીને ઝડપી લેવાઇ**

રાજકોટ, તા. ૧૫

ચોરી ચિલઝડપ સહિતની ઘટનાઓ અવાર-નવાર બનતી હોય છે. જેમાં ઘણીવાર ચોર અજાણ્યા અને બહારના નીકળતાં હોય છે તો ઘણીવાર પોલીસ આવા ગુનાના ભેદ ઉકેલે ત્યારે ચોંકાવનારી હકિકત સામે આવતી હોય છે અને ઘરના જ ઘાતકી નીકળતાં હોય છે. આવી જ એક લાખોની ચોરીનો પર્દાફાશ થયો હતો. જેમાં નવ લાખ ચાલીસ હજારની ઘરફોડ ચોરીનો ભેદ પોલીસે ઉકેલ્યો અને ચોરની હકિકત મેળવી ત્યારે પોલીસ પણ ચકરાવે ચડી ગઇ હતી. આ ઘરમાં ચોરી કોઇ બહારના ચોર ઉચક્કાઓએ નહિ પણ પુત્રવધૂએ જ કૌટુંબીક ભાઇની સાથે મળીને કરી હોવાનું ખુલતાં પોલીસે બંનેને પકડી લઇ મુદ્દામાલ કબ્જે કરવા કાર્યવાહી કરી હતી. બીજી તરફ ધાડના ગુનાનો પણ પોલીસે ભેદ ઉકેલી સાત લૂંટારાઓની ટોળકીને ઝડપી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો કચ્છ ગાંધીધામના સામખિયાળીમાં બે દિવસ પહેલા થયેલી ૯.૪૦ લાખ રૂપિયાની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. આ ચોરી બહારની કોઈ ગેંગે નહીં, પરંતુ ઘરની જ પુત્રવધૂએ કરાવી હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ હતી. પૂર્વ કચ્છ એલસીબીએ આ મામલે તપાસ હાથ ધરી હતી. સામખિયાળી ગામની પટેલ રેસિડેન્સીમાં બૂટમાંથી ચાવી કાઢી તિજોરીના લોક તોડીને આ ચોરી કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર ફરિયાદી શશાંક ધર્મ



પ્રકાશ શર્માના ભાભી રૂબી ઉર્ફે રાધા પ્રશાંત શર્માએ સાસુ-સસરા અને પરિવાર સાથેના ઝઘડાનો બદલો લેવા આ કાવતરૂ ઘડ્યું હતું. તેણે મુંબઈથી પોતાના કૌટુંબિક ભાઈ અમરકુમાર ભૈરવસિંઘને બોલાવી પરિવારની ગેરહાજરીમાં ચોરી કરાવી હતી. પૂર્વ કચ્છ એલસીબીની ટીમે ખાનગી બાતમીના આધારે મુંબઈના વસઈથી આરોપી અમરકુમાર ભૈરવસિંઘને ઝડપી પાડ્યો હતો.

તેની પાસેથી સોનાનો હાર, વીંટી, મંગળસૂત્ર અને ચાંદીના દાગીના સહિત કુલ ૬.૮૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે બોર્ડર રેન્જ આઈજી ચીરાગ કોરાડીયા, પૂર્વ કચ્છના એસપી સાગર બાગમાર અને પૂર્વ કચ્છ એલસીબીના પીઆઈ જે એમ વાળાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજા એક ડીટેક્શનની વિગતો જોઇએ તો ગાંધીધામના ગણેશનગરમાં બપોરના સમયે એક ઘરમાં ઘૂસી મહિલાને ઇજા પહોંચાડી લૂંટ ચલાવવાના કેસમાં પોલીસે કાર્યવાહી કરી છે. બી-ડિવિઝન પોલીસે ધાડના ૭ આરોપીઓની ધરપકડ કરી હતી.

બોર્ડર રેન્જ આઈજી ચીરાગ કોરાડીયા, પૂર્વ કચ્છના એસપી સાગર બાગમાર, નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. વી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. પીઆઈ ગોજીયાની ટીમે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

વધુ માહિતી અનુસાર ધરપકડ કરાયેલા આરોપીઓમાં મોરબીના ફારૂક દિલાવર ઝેડા, સાહિલ અબ્દુલભાઈ મોવર, ઈબ્રાહીમ મુસ્તાકભાઈ કાજડીયા, હુશેન ઈકબાલ ભટ્ટી, લતીફ હૈદરભાઈ કાજેડીયા તેમજ કંડલાના નિઝામુદીન અંસારી અને મેરાજઅલી રમજાનઅલીનો સમાવેશ થતો હતો. પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ ધાડનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ ગુનામાં વપરાયેલી ઈકો કાર, બાઈક અને હથિયાર સહિત કુલ રૂ. ૫,૦૯,૫૦૦ નો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ટોળકીની પુછતાછમાં હજુ વધુ ગુના ઉકેલાય તેવી શક્યતા છે.

વધુ એક વખત લાલચની જાળમાં લપેટાયા, એક સાથે છપ્પન જણા ફસાયા

# સસ્તામાં પ્લોટ લેવા જતાં ત્રણ કરોડનો લાગ્યો ચૂનો

## કંપનીએ સો-દોઢસો વારના પ્લોટની સ્કીમ વહેતી મુકી નાણા ખંખેરી લીધા બાદ હાથ ઉંચા કરી દીધાઃ છ જણા સામે દાખલ થઈ એફઆઈઆર

રાજકોટ, તા. ૧૫

અલગ અલગ રીતે થઇ રહેલી ઠગાઇમાં વધુ એક વખત સસ્તામાં પ્લોટ આપવાના નામે મસમોટી ઠગાઇ થઇ હતી. જેમાં ગઠીયાઓએ જાળ બીછાવી સો અને દોઢસો વારના પ્લોટ સસ્તા ભાવે અપાવી દેવાના નામે ત્રણ ગામના છપ્પન લોકોને છેતરીને ત્રણ કરોડનો ચૂનો લગાવી દીધો હતો. આ મામાલે એક કંપનીના સંચાલકો વિરૂદ્ધ એફઆઇઆર દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો બાવળા તાલુકાના ધીંગડા, મેમર, રોહીકા અને ફેદરા ગામની જમીનમાં પ્લોટ અપાવવાના નામે અબજો રૂપિયાનું કૌભાંડ આચરનાર ગોટીઝ ઇન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ કંપની સામે આખરે બગોદરા પોલીસ મથકે વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. કંપનીના સંચાલકોએ પ્લાન પાસ કરાવ્યા વિના કે જમીન બિનખેતી કર્યા વિના જ આશરે પંદરોસો જેટલા પ્લોટો વેચી માર્યા હોવાનું સામે આવ્યું હતું. હાલમાં છપ્પનથી વધુ ગ્રાહકોના રૂપિયા ત્રણ કરોડ ચાર લાખ ફસાયા હોવાની અધિકૃત ફરિયાદના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ ફ્રોડ મામલે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમદાવાદના મણિનગરમાં રહેતા ફરિયાદી સૌરભ શંભુનાથ સિંગે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ મિત્ર અખિલેશ ચૌરસિયા સાથે કંપનીની પ્રહલાદનગર ઓફિસે ગયા હતા. ત્યાં મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઈ માવજીભાઈ પટેલ માર્કેટીંગ હેડ દિલીપ તિવારી અને અન્ય




સ્ટાફે પ્લોટની લોભામણી સ્કીમો સમજાવી હતી. ફરિયાદીએ તેમની પત્ની રંજનાસિંહના નામે રૂ.૪.૧૧ લાખમા દોઢસો વારના અને પોતાના નામે રૂ. ૪.૫૩ લાખમાં પ્લોટ નક્કી કર્યા હતા. આ ઉપરાંત ૨૦૧૬માં તેમના સાળાની પત્ની નેહાકુમારીના નામે રૂ. ૮.૨૬ લાખમાં ૩૦૦ વારનો પ્લોટ બુક કરાવ્યો હતો. આ પછી તમામ પ્લોટના નાણાં માસિક હપ્તેથી ચેક અને રોકડેથી ચૂકવી દીધા હતાં.

જો કે રકમ ચુકવી દીધી હોવા છતાં સંચાલકોએ દસ્તાવેજ કરી આપ્યા નહોતા. ઉલટાનું, પ્રહલાદનગરની ઓફિસ બંધ કરી બોડકદેવ ટ્રાન્સફર કરી દીધી હતી. ત્યાં સીનિયર મેનેજર મકરાણી પણ યોગ્ય જવાબ આપતા નહોતા અને આખરે તે ઓફિસને પણ તાળાં મારી દેવાયા હતા. ધીંગડા ગામની સાઇટ પર જતાં ત્યાં જમીન જર્જરિત હાલતમાં જોવા મળી હતી અને કોઈ જ ડેવલપમેન્ટ થયું નહોતું. ચોંકાવનારી બાબત એ છે કે, કંપનીના ડિરેક્ટર રમેશ પટેલે ગ્રાહકોને અંધારામાં રાખીને ધીંગડા અને રોહીકા ગામની પ્લોટિંગ વાળી જમીન પર જ એસબીઆઇ બેન્ક બગોદરા શાખામાંથી રૂ.૫૦ લાખની લોન મેળવી લીધી હતી.

બીજી તરફ બેન્ક બોજો હોવાના કારણે હવે કાનૂની રીતે ગ્રાહકોના દસ્તાવેજ થવા અશક્ય બન્યા છે. આ કૌભાંડમાં કુલ ૫૬ ગ્રાહકો ભોગ બન્યા છે, જેમાં ૩૯ ગ્રાહકોના રૂ.૨.૨૬ કરોડ દસ્તાવેજ વિના ફસાયા હતાં. જ્યારે ૧૭ ગ્રાહકો પાસેથી રૂ.૭૭.૮૯ લાખ પુરેપુરા વસૂલવા છતાં પઝેશન સોંપાયું નથી. આ કંપનીના માલીકોએ આ સિવાય અન્ય ૩૯ ગ્રાહકો પાસેથી ૨,૨૬,૪૧,૭૧૩ રૂપીયા પ્લોટ પેટે મેળવીલઈને તેમને દસ્તાવેજ કરી આપ્યા નથી. તેમજ તેમની પ્લોટીંગ સ્કીમના અન્ય ૧૭ ગ્રાહકો પાસેથીપ્લોટના પુરેપુરા ૭૭,૮૯,૨૩૫ રૂપીયા લઈને તેમને દસ્તાવેજ કરી આપ્યા છે, પરંતુ આજદીન સુધીતેમને પ્લોટના પઝેશન આપ્યા નથી.

તેમજ કંપનીએ જાણી જોઇને તેમણે ધીંગડા ગામની સર્વેનંબર-૨૪૬, ૪૨૨, ૪૪૬ તેમજ રોહીકા ગામની સર્વે નંબર-૧૯૮, ૨૦૭ની જમીન ઉપર એસ.બી.આઇ.બેન્ક બગોદરા શાખામાંથી રૂ.૨૫-૨૫ લાખની લોન લીધી છે. પોલીસે આ મામાલે મેનેજીંગ ડીરેક્ટર રમેશભાઇ માવજીભાઇ ગોટી-પટેલ, તેમજ કંપનીના અન્ય સ્ટાફના દિલીપ તિવારીં માર્કેટીંગ હેડ, મોહમદ અસલમ મકરાણીં સીનિયર મેનેજર, વિજયભાઇ ગોટી અને પરેશભાઈ પટેલેં સંચાલકના સગા અને સહભાગીઓ તેમજ તપાસમાં જેના નામ ખુલશે તેની સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. આમ સસ્તામાં પ્લોટના નામે મોટુ કૌભાંડ થઇ ગયુ હતું.

બ્યુટીપાર્લર અને કોસ્મેટીક ચીજવસ્તુનું કામ કરતાં મહિલા બહેનપણી મારફત સંપકૃમાં આવ્યા અને શિકાર બન્યા

# દાગીનાને નવા બનાવી દેવા ૨૫ લાખનું ફ્રોડ

## રાધાનગરના મહિલાને શરૂઆતમાં અજમેરા શાસ્ત્રીનગરના શખ્સે બે દાગીના નવા કી આપ્યાઃ પછી કુલ એંસી લાખના દાગીના લઈ ગયોઃ જે બારોબાર ગીરવે મુકી દીધાઃ અરજી થતાં પંચાવન લાખ પાછા દીધા, બાકીના ન આપતાં માલવીયાનગરમાં એફઆઈઆર

રાજકોટ, તા. ૧૫

ગઠીયાઓ અલગ અલગ રીતે લોકોને લાલચની જાળમાં લપેટીને લાખો કરોડો રૂપિયા ગજવામાં ભરી લેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરમાં સામે આવી છે જેમાં નાના મવા રોડ પર લક્ષ્મીનગર પાછળ રાધાનગરમાં રહેતાં અને બ્યુટી પાર્લર ચલાવતાં મહિલાને એક બહેનપણી મારફત સંપર્કમાં આવેલો અજમેરા શાસ્ત્રીનગરનો શખ્સ જુના દાગીના ઝીરો ટકા મજુરીથી નવા બનાવી આપવાની સ્કીમના નામે લલચાવી શરૂઆતમાં એક બે દાગીના નવા જેવા કરી આપી બાદમાં તેણી પાસેથી એંસી લાખના દાગીના લઇ જઇ પરત ન આપતાં અને સમાધાના ભાગ રૂપે પંચાવન લાખ આપી દઇ બાકીના પચ્ચીસ લાખ ન આપતાં અંતે મામલો પોલીસ સુધી પહોંચતા આ શખ્સ સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.વિગતો પર નજર કરીએ તો બ્યુટી પાર્લર ચલાવતા.અને કોસ્મેટીક ચીજવસ્તુનો વેપાર કરતાં મહિલા અને તેના પરિવારના આશરે ૭૨૦ ગ્રામ સોનાના દાગીના પડાવી લઈ, તેના પર લોન




મેળવી રોકડા ઓળવી જવા અંગે મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. નાના મવા રોડ રાધાનગરના મહિલા સાથે પચ્ચીસ લાખની ઠગાઇ થતાં નાના મવા અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતાં શખ્સ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. માલવીયાનગર પોલીસે નાના મવા રોડ પર લક્ષ્મીનગર પાછળ રાધાનગર-૬માં રહેતાં તેતાલીસ વર્ષના હેતલબેન તુષારભાઇ પરસાણાની ફરિયાદ પરથી નાના મવા અજમેરા શાસ્ત્રનગર માધવ એપાર્ટમેન્ટમાં ચોથા માળે રહેતાં શક્તિ રમેશભાઇ રાઠોડ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો.વધુ માહિતી અનુસાર હેતલબેન પરિવાર સાથે રહે છે અને ઘરે બેઠા શીવહેતુ મેકઓવર નામે બ્યુટી પાર્લરનું કામ કરે છે તેમજ કોસ્મેટીક ચીજવસ્તુઓનો વેપાર પણ કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત જાન્યુઆરી-૨૦૨૫માં તેમની બહેનપણી પાયલ ડોડીયા મારફતે તેમનો સંપર્ક શક્તિ રમેશભાઈ રાઠોડ નામના શખ્સ સાથે થયો હતો. શક્તિએ પોતે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટનું કામ, કોસ્મેટિક આઈટમની લે-વેચ અને શ્રીરામ પંજાબી ચાઈનીઝ જેવા અલગ અલગ ધંધા સાથે સંકળાયેલો હોવાની ઓળખ આપી વિશ્વાસ જીત્યો હતો. દરમિયાન ફબ્રુઆરી-૨૦૨૫ના અરસામાં શક્તિ રાઠોડે હેતલબેનને લાલચ આપી હતી કે તેનો એક મિત્ર સોનાના જૂના દાગીનાના બદલામાં ઝીરો ટકા મજૂરીએ નવા દાગીના બનાવી આપવાની સ્કીમ ચલાવે છે. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે શક્તિએ હેતલબેનના ૨-૩ દાગીના નવા જેવા બનાવીને પરત આપ્યા હતા. આ પછી હેતલબેન પાસેથી શક્તિ રાઠોડે હેતલબેન, તેમના સાસુ અને પતિના મળીને કુલ ૭૨૦ ગ્રામ જેટલા સોનાના દાગીના જેની કિંમત આશરે રૂ. ૫૫ લાખ જેટલી થાય છે તે ૧૦ થી ૧૨ દિવસમાં નવા બનાવી આપવાના વાયદા સાથે મેળવી લીધા હતા. દરમિયાન નવેમ્બર-૨૦૨૫માં હેતલબેનને એક લગ્ન પ્રસંગમાં જવાનું હોવાથી તેમણે દાગીના પરત માંગતા શક્તિએ વાયદાબાજી શરૂ કરી હતી અને માત્ર એક ચેઇન તથા બુટ્ટીની જોડી પરત આપી બાકીના ૬૨૦ ગ્રામ દાગીના ઓળવી ગયો હતો. સતત ઉઘરાણી બાદ શક્તિએ લેખિત બાંહેધરી આપી હતી છતાં દાગીના આપ્યા નહોતા. તપાસ કરતા બહાર આવ્યું હતું કે શક્તિ રાઠોડે આ દાગીના યદુનંદન નામની મંડળીમાં તેમજ અન્ય જગ્યાએ ગીરવે મુકી તેના પર લોન મેળવી લીધી હતી અને નાણાં પોતાના અંગત વપરાશમાં લઈ લીધા હતા. આ મામલે હેતલબેને અગાઉ પોલીસ કમિશનર કચેરીમાં આર્થિક ગુન્હા નિવારણ શાખામાં અરજી કરી હતી. જેથી ડરી ગયેલા શક્તિ રાઠોડ અને તેના પિતા રમેશભાઈએ સમાધાનની તૈયારી બતાવી કુલ રૂ. એંસી લાખની કાયદેસરની લેણી રકમ ચુકવવાનો નોટરી સમક્ષ કરાર કર્યો હતો. કરાર મુજબ આરોપીએ પંચાવન લાખ ચુકવી દીધા હતાં. પરંતુ બાકીના ૨૫,૦૦,૦૦૦ ચુકાવવા ચેક આપ્યા હતાં. પરંતુ શક્તિના આ બેંક ખાતામાં અપુરતું બેલેન્સ હોવાને કારણે આ તમામ ચેક બેંકમાંથી રીટર્ન થયા હતાં. અંતે હેતલબેને આરોપી શક્તિ રાઠોડે વિશ્વાસઘાત, છેતરપિંડી આચરવા બદલ કાયદેસરની ફરિયાદ નોંધાવવાનો નિર્ણય કરી માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં માલવીયાનગરના પોલીસ ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શન હેઠળ આસી સબ ઇન્સ. કેતનભાઇ બી. શેખલીયા દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

મનપાની ઐતિહાસિક પહેલ

# આરોગ્ય કેન્દ્રો બનશે સંપૂર્ણ 'પેપરલેસ'

## કેસબારીની કડાકૂટમાંથી મુક્તિ! : બજરંગવાડી અર્બન હેલ્થ સેન્ટરનો પાયલોટ પ્રોજેક્ટ સફળ



**શહેરના તમામ ૩૧ આરોગ્ય કેન્દ્રો ડિજિટલી લિંકઅપ થશે : મોબાઈલ કે ઓળખ નંબર આપતાં જ દર્દીની આખી મેડિકલ હિસ્ટ્રી આવી જશે સામે**

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરો (આરોગ્ય કેન્દ્રો) હવે માત્ર દવા-સારવાર પૂરતા સીમિત ન રહેતા ટેકનોલોજીના માધ્યમથી અત્યંત સ્માર્ટ અને સુવિધાજનક બનવા જઈ રહ્યા છે. મનપાના આરોગ્ય કેન્દ્રોમાં સારવાર લેતા લાખો ગરીબ અને મધ્યમવર્ગીય દર્દી ઓને હવે દર વખતે લાંબી લાઈનોમાં ઉભા રહીને નવો કેસ કઢાવવાની માથાકૂટમાંથી કાયમી મુક્તિ મળશે. મનપાના આઈટી (ઈંઝ) અને હેલ્થ ડિપાર્ટમેન્ટે સાથે મળીને આરોગ્ય સેવાઓને સંપૂર્ણ ડિજિટલ બનાવવાની દિશામાં મક્કમ પગલાં ભર્યા છે. વોર્ડ નંબર ૨ માં આવેલા બજરંગવાડી આરોગ્ય કેન્દ્ર ખાતે ગત મહિને શરૂ કરવામાં આવેલો આ પેપરલેસ સિસ્ટમનો પાયલોટ પ્રોજેક્ટ (ટ્રાયલ) સો ટકા સફળ રહ્યો છે. આ સફળતા બાદ હવે આગામી સમયમાં શહેરના તમામ ૩૧ આરોગ્ય કેન્દ્રોને આ નવિન સોફ્ટવેર સિસ્ટમ સાથે જોડી દેવામાં આવશે. આ પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત એ છે કે તેનાથી દર્દીની સારવાર વધુ સચોટ બનશે અને મનપા પાસે દરેક દર્દીનો લાઈફ-ટાઈમ મેડિકલ રેકોર્ડ સુરક્ષિત રહેશે.

હવે તબકકાવાર તમામ આરોગ્ય કેન્દ્રો આ સિસ્ટમ સાથે સોફટવેરની મદદથી લીંકઅપ કરવામાં આવશે. એક રીતે માત્ર નંબર પરથી દર્દીની સંપૂર્ણ મેડીકલ હિસ્ટ્રી કેસબારીની સ્ક્રીન પર આવી જશે. છેલ્લી વખત કે છેલ્લા થોડા મહિનાઓમાં પણ દર્દી ઓએ કઇ કઇ પ્રકારની સારવાર અને દવા લીધા છે તે ફોલોઅપ પણ ડોકટર તરત ચેક કરી શકશે. આ રીતે ભુતકાળમાં દર્દીને કોઇ એલર્જી સહિતની તકલીફ થઇ હોય તો પણ તે પ્રકારે દવામાં ફેરફાર કરી શકાશે. જોકે માત્ર મનપાના આરોગ્ય કેન્દ્રો પુરતું જ આ લીંકઅપ શકય બનાવાશે.

### કેન્દ્ર સરકારના 'આભા' (ABHA) કાર્ડ જેવી જ સ્માર્ટ સિસ્ટમ

કેન્દ્ર સરકાર દ્વારા જે રીતે દેશના નાગરિકો માટે 'આભા' કાર્ડ અંતર્ગત હેલ્થ આઈડી બનાવીને મેડિકલ હિસ્ટ્રી ડિજિટલ સ્ટોર કરવામાં આવે છે, બરાબર એ જ તર્જ પર રાજકોટ મહાનગરપાલિકા પોતાના સ્તરે આ લોકલ હેલ્થ ડિજિટાઈઝેશન નેટવર્ક ઉભું કરી રહી છે. આ સિસ્ટમ માત્ર મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રો પૂરતી જ લિંકઅપ રહેશે. દર્દીએ અગાઉ કઈ દવાઓ લીધી હતી અને તેને કઈ દવાની એલર્જી છે તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ રહેવાથી ખોટી દવાઓ આપવાનું જોખમ શૂન્ય થઈ જશે.

### ખાનગી હોસ્પિટલોને ટક્કર મારે તેવી મનપાની આરોગ્ય સુવિધાઓ

વિનામૂલ્યે મોંઘાદાટ ટેસ્ટઃ બજારમાં ખાનગી લેબોરેટરીઓમાં જે ટેસ્ટ માટે હજારો રૂપિયા વસૂલવામાં આવે છે, તે તમામ ટેસ્ટ મનપાના આરોગ્ય કેન્દ્રોમાં તદ્દન મફત કરવામાં આવે છે. રાજકોટ શહેરમાં અત્યારે અત્યાધુનિક સુવિધાઓ અને નવા બિલ્ડિંગો સાથેના કુલ ૩૧ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. સામાન્ય શરદી-ઉધરસથી લઈને ગંભીર બીમારીઓ સુધીની પ્રાથમિક સારવાર અને દવાઓ દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે.અડધો ડઝનથી વધુ કેન્દ્રો તો કોર્પોરેટ કે ખાનગી હોસ્પિટલોને પણ ટક્કર મારે તેવા આધુનિક સાધનો ધરાવે છે.

### માત્ર એક ક્લિક પર જનરેટ થશે આખી મેડિકલ હિસ્ટ્રી

જ્યારે પણ કોઈ દર્દી પ્રથમ વખત આ ડિજિટલ સિસ્ટમ ધરાવતા આરોગ્ય કેન્દ્ર પર જશે, ત્યારે માત્ર તેના મોબાઈલ નંબર અથવા ઓળખ નંબર (જેમ કે આધાર વિગતો) ના આધારે વન-ટાઇમ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ રજીસ્ટ્રેશન થતાં જ દર્દીનો એક કાયમી યુનિક ડિજિટલ રેકોર્ડ બની જશે. ભવિષ્યમાં દર્દી ગમે ત્યારે અથવા શહેરના અન્ય કોઈ પણ મનપા સંચાલિત હેલ્થ સેન્ટર પર જશે, ત્યારે માત્ર નંબર આપતા જ તેની જૂની બીમારી, અગાઉ લીધેલી દવાઓ, કરાવેલા લેબોરેટરી ટેસ્ટ અને એલર્જી જેવી તમામ વિગતો ડોક્ટરની સ્ક્રીન પર સેકન્ડોમાં ઉપલબ્ધ થઈ જશે. બજરંગવાડી હેલ્થ સેન્ટર ખાતે કરાયેલો પ્રયોગ ખૂબ પ્રોત્સાહક રહ્યો છે. આ નવી ટેકનોલોજીથી ડોક્ટરોનો સમય બચશે અને તેઓ દર્દીની તપાસ પર વધુ ધ્યાન આપી શકશે. દર્દીઓને પણ રિપોર્ટ મેળવવા કે ફાઈલો સાચવી રાખવાની ચિંતામાંથી મુક્તિ મળશે. આગામી દિવસોમાં તબક્કાવાર તમામ આરોગ્ય કેન્દ્રોને આ સોફ્ટવેર સાથે સાંકળી લેવા માટેની વહીવટી પ્રક્રિયા તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવી છે.

### ઈનહાઉસ સોફ્ટવેરઃ મનપાની તિજોરી પર એક પણ રૂપિયાનો ભાર નહીં

આ આખી ડિજિટલ ક્રાંતિ પાછળ મનપાએ કોઈ ખાનગી એજન્સીને મોટો ખર્ચ ચૂકવ્યો નથી. નાયબ કમિશનર સમીર ધડુકના જણાવ્યા અનુસાર, મનપાના આઈટી વિભાગે પોતાના ઈનહાઉસ ડેવલપર્સ દ્વારા જ આ સોફ્ટવેર તૈયાર કર્યું છે. બજેટના આયોજન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીથી સરકારી નાણાંની મોટી બચત થઈ છે અને ટેકનોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ સાબિત થયો છે.

# મનપા કચેરીના ધક્કામાંથી મુક્તિ

## 'નળ જોડાણ' અને 'નામ ટ્રાન્સફર'ની સેવાઓ પણ થશે ઓનલાઈન : આઈટી વિભાગે ડિજિટલ સેવાનો વ્યાપ વધારવાની તૈયારી આદરી; અરજદારો ઘરે બેઠા જ ડોક્યુમેન્ટ અપલોડ કરી શકશે

રાજકોટ, તા. ૧૫

મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈટી વિભાગ દ્વારા નાગરિકોની સુવિધા માટે એક મહત્વપૂર્ણ અને આવકારદાયક પહેલ શરૂ કરવામાં આવી છે. કોર્પોરેશનની ઓનલાઈન અને ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારીને લોકોને સરકારી કચેરીઓના બિનજરૂરી ધક્કામાંથી મુક્તિ અપાવવા માટે વહીવટીતંત્ર સક્રિય બન્યું છે. આ કડીમાં હવે કોર્પોરેશન વધુ બે મહત્વની સેવાઓને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની તડામાર તૈયારીઓ કરી રહ્યું છે, જેનાથી હજારો અરજદારોના સમય અને શક્તિનો બચાવ થશે.

સામાન્ય રીતે, જ્યારે કોઈ પણ નાગરિકે મનપા વિસ્તારમાં નવું નળ જોડાણ (વોટર કનેક્શન) મેળવવું હોય, ત્યારે મિલકતના દસ્તાવેજ અને પ્રોપર્ટી ટેક્સ બિલ સહિતના અનેક કાગળો સાથે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અરજદારે આ અરજી સબમિટ કરવા માટે વોર્ડ ઓફિસથી લઈને ઝોન ઓફિસ સુધી દોડધામ કરવી પડે છે, જેમાં ઘણી વખત સમયનો મોટો બગાડ થાય છે અને ધક્કા ખાવા પડે છે. લોકોની આ હાલાકીનો અંત લાવવા માટે હવે નળ જોડાણ મેળવવાની સમગ્ર પ્રક્રિયાને ઓનલાઈન પ્લેટફોર્મ પર શિફ્ટ કરવામાં આવી રહી છે. નવી વ્યવસ્થા હેઠળ અરજદાર ઘરે બેઠા જ પોતાના તમામ જરૂરી ડોક્યુમેન્ટ્સ પોર્ટલ પર અપલોડ કરી શકશે. ત્યારબાદ વોટર વર્કસ વિભાગના સંબંધિત અધિકારીઓ આંતરિક સંકલન સાધીને કાગળોની ચકાસણી કરશે. તમામ દસ્તાવેજો યોગ્ય જણાશે એટલે અરજદારને ઓનલાઈન જ નળ જોડાણની ફી ભરવા માટે મેસેજ કે નોટિફિકેશન દ્વારા જાણ કરી દેવામાં આવશે.

નળ જોડાણ ઉપરાંત, મનપા દ્વારા મિલકત વેરા બિલમાં નામ ટ્રાન્સફર (નામ ફેરબદલ) કરવાની જટિલ પ્રક્રિયાને પણ ઓનલાઈન કરવા માટે ગંભીર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં કચેરીઓના ધક્કા ખાવાની બીકે મિલકતના નવા ખરીદદારો મહિનાઓ સુધી નામ ટ્રાન્સફરની અરજી કરવા જતા જ નથી. આ આળસ અને અગવડતાના કારણે આજે પણ હજારો મિલકતોમાં જૂના માલિકો કે બિલ્ડરોના નામ જ બોલી રહ્યા છે. જો કે કોર્પોરેશનને માત્ર મિલકત નંબર અને બાકી વેરાની વસૂલાત સાથે જ સંબંધ હોય છે, પરંતુ મિલકત ધારક માટે પોતાના નામનું ટેક્સ બિલ હોવું એ કાયદાકીય અને સરકારી પુરાવા તરીકે ખૂબ જ મહત્વનો દસ્તાવેજ બને છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ અધિકારીઓએ સંકેત આપ્યા છે કે ટૂંક જ સમયમાં નામ ટ્રાન્સફરની પ્રક્રિયા પણ ઓનલાઈન ઉપલબ્ધ કરાવી દેવાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોર્પોરેશનના આરોગ્ય વિભાગ હેઠળની લગ્ન નોંધણી શાખા ઓલરેડી સફળતાપૂર્વક ઓનલાઈન કામ કરી રહી છે, જેમાં દંપતિએ નિયમ મુજબ માત્ર એક જ વાર રૂબરૂ સહી-અંગૂઠા માટે આવવું પડે છે અને બાકીની તમામ દસ્તાવેજી પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી થાય છે. બસ આ જ પેટર્ન પર હવે નળ જોડાણ અને નામ ટ્રાન્સફરની સેવાઓ પણ ઓનલાઈન થવા જઈ રહી છે, જે મનપાના ડિજિટલ ગવર્નન્સ તરફનું એક મોટું અને પ્રજાલક્ષી કદમ સાબિત થશે.

# જળસંકટ વચ્ચે હાઈરાઈઝ બિલ્ડિંગોમાં મોટા પાયે પાણીચોરીનો પર્દાફાશ

**ડુપ્લિકેટ ચાવી અને બંધ મીટરનું કૌભાંડ ઝડપાયું : મનપાની ચેકિંગ ઝુંબેશમાં ૧૧૦૦થી વધુ યુનિટોને નોટિસ ફટકારાતાં ખળભળાટ**

રાજકોટ, તા. ૧૫

રાજકોટ શહેરમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે પાણીની કટોકટી વધુ ઘેરી બની રહી છે. શહેરને પાણી પૂરું પાડતા સ્થાનિક જળાશયો, ખાસ કરીને આજી ડેમ હાલની સ્થિતિએ તળિયાઝાટક થવાના આરે પહોંચી ગયો છે. બીજી તરફ ન્યારી ડેમમાં પણ પાણીનો જથ્થો મર્યાદિત હોવાથી અત્યંત કરકસરપૂર્વક પાણી વિતરણ કરવું પડે તેવી કપરી સ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોમાં શહેરના અનેક વિસ્તારોમાં પાણીના ધાંધિયા શરૂ થઈ ગયા છે. જ્યાં પાણી મળે છે ત્યાં પણ પૂરતા ફોર્સથી ન આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. પાણીની આ તીવ્ર અછત વચ્ચે પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે શહેરમાં પાણીચોરીનું દૂષણ પણ ચિંતાજનક હદે વધી ગયું છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામવા માટે મહાનગરપાલિકાની વોટર વર્ક્સ શાખાએ હાથ ધરેલી સઘન ચેકિંગ ઝુંબેશમાં એક અત્યંત ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે.

મનપાની તપાસમાં સામે આવ્યું છે કે, વેસ્ટ ઝોન (ન્યુ રાજકોટ) વિસ્તારમાં આવેલી અનેક હાઈરાઈઝ અને લો-રાઈઝ બિલ્ડિંગોમાં પાણી મેળવવા માટે ગંભીર ગેરરીતિ આચરવામાં આવી રહી છે. સોસાયટીઓને આપવામાં આવેલા વોટર કનેક્શનના રીડિંગ મીટર ઈરાદાપૂર્વક બંધ કરી દેવામાં આવે છે, જેથી કેટલો વપરાશ થયો તેની કોઈ નોંધ ન રહે. આટલું જ નહીં, કનેક્શનના મેઈન વાલ્વની ડુપ્લિકેટ ચાવીઓ બનાવીને મનફાવે ત્યારે લાઇન ખોલી નાખી મોટા પાયે પાણીચોરી કરવામાં આવી રહી છે. પશ્ચિમ રાજકોટના મવા, મવડીથી માંડીને નવા રિંગ રોડ સુધીના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં બહુમાળી ઈમારતોની સંખ્યામાં મોટો વધારો થયો છે. હયાત ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાંથી જ આ નવી ઈમારતોને પાણી પૂરું પાડવામાં આવે છે, પરંતુ આ સ્કીમોમાં પાણીચોરીની ફરિયાદો ઉઠતા છેલ્લા પંદર દિવસમાં જ આવી સાતથી વધુ મોટી સોસાયટીઓ રંગેહાથ પકડાઈ છે જ્યાં ડુપ્લિકેટ ચાવીથી વાલ્વ ખોલી પાણીની ચોરી કરાતી હતી. આ ગંભીર બેદરકારી બદલ મનપાએ ન્યુ રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરીને રીડિંગ મીટર બંધ હોય તેવી હાઈરાઈઝ અને લો-રાઈઝ સોસાયટીઓની અલગ-અલગ વિંગ સહિત અંદાજે ૧૧૦૦થી વધુ યુનિટોને નોટિસો ફટકારી કડક કાર્યવાહીના સંકેત આપ્યા છે.

આ સમગ્ર કૌભાંડ પાછળ મનપાના જ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા વાલ્વમેનો અને સોસાયટીના એસોસિએશનો વચ્ચેની મિલીભગત પણ સપાટી પર આવી છે. વાલ્વમેનો ચોક્કસ બિલ્ડિંગોના એસોસિએશન સાથે રૂ. ૫ હજારથી લઈને રૂ. ૧૫ હજાર સુધીનો માસિક 'વહીવટ' (લાંચ) કરી કનેક્શનની લાઈન વધુ સમય સુધી ચાલુ રાખતા હોવાનો આક્ષેપ થયો છે. તાજેતરમાં યોજાયેલી મનપાની જનરલ બોર્ડની બેઠકમાં ખુદ સત્તાધારી અને વિપક્ષના નગરસેવકોએ આ ભ્રષ્ટાચાર મામલે ભારે દેકારો મચાવ્યો હતો. આગામી તારીખ ૨૦મીએ મળનારા જનરલ બોર્ડમાં પણ આ મુદ્દે અધિકારીઓ પર સવાલોનો મારો ચલાવવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. જનરલ બોર્ડમાં થયેલી ઉગ્ર રજૂઆતો બાદ કમિશનરની સૂચનાથી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે અને વોર્ડવાઈઝ ખાસ ચેકિંગ ટુકડીઓ બનાવીને પાણીચોરો સામે કડક ઝુંબેશ આદરવામાં આવી છે. ગરમીની સિઝનમાં સામાન્ય નાગરિકો પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા છે ત્યારે આવા તત્વો સામે આકરી નમૂનારૂપ કાર્યવાહી થાય તેવી લોક માંગ ઉઠી છે.

**બાંધકામ-બગીચા-કારખાના-ગેરેજમાં ટ્રીટ વોટરનો ઉપયોગ અનિવાર્ય**

# 'ટ્રીટેડ વોટર'નો વપરાશ ફરજિયાત

## રાજકોટ પર તોળાતું જળસંકટઃ ચોમાસાના એક મહિના બાદ પણ જળાશયો ખાલી

રાજકોટ, તા. ૧૫

રાજકોટ શહેરમાં સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં, શહેરની તરસ છીપાવતા સ્થાનિક જળાશયો જેવા કે આજી-૧, ન્યારી-૧, ભાદર અને લાલપરી-રાંદરડામાં હજુ સુધી નવા નીરની કોઈ ખાસ આવક થઈ નથી. આ પરિસ્થિતિને કારણે આગામી સમયમાં રાજકોટ પર પીવાના પાણીની ગંભીર કટોકટી તોળાઈ રહી છે. જો કે, તંત્ર પાસે 'સૌની યોજના' હેઠળ નર્મદાના પાણીનો વિકલ્પ ઉપલબ્ધ છે, પરંતુ નર્મદાનું પાણી રાજકોટ સુધી પહોંચાડવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ થાય તેમ છે, જે મહાનગરપાલિકાની તિજોરી પર મોટો બોજ બની શકે છે. આ આર્થિક બોજ અને પાણીની અછતને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા પાણી બચત તેમજ સસ્તા પાણીના વિકલ્પો શોધવા માટે આગોતરા આયોજનની કવાયત તેજ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે હવે શહેરમાં બાંધકામ સાઈટો, બગીચાઓ, કારખાનાઓ અને ગેરેજ સહિતના વ્યવસાયોમાં પીવાના ચોખ્ખા પાણીના સ્થાને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (જીઝ્ક) દ્વારા શુદ્ધ કરવામાં આવેલા 'ટ્રીટેડ વોટર'નો વપરાશ ફરજિયાત બનાવવાની દિશામાં મનપા મક્કમ પગલાં ભરી રહી છે. જો આગામી દિવસોમાં પણ જળાશયોમાં નવા નીરની આવક નહીં થાય, તો મનપા દ્વારા ટૂંક સમયમાં જ ટ્રીટેડ વોટરના ફરજિયાત વપરાશનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે પાણીને ક્લોરીનેશન કરીને પીવા માટે વિતરણ કરવામાં આવે છે, તે જ કિંમતી અને શુદ્ધ પાણીનો ઉપયોગ બાંધકામ સાઇટો, સરકારી કે ખાનગી બગીચાઓ, ઈન્ડસ્ટ્રીયલ ઝોનના કનેક્શનો અને વાહનો ધોવાના ગેરેજમાં બેફામપણે થઈ રહ્યો છે. આ તમામ સ્થળોએ પીવાના શુદ્ધ પાણીને બદલે ગટરના શુદ્ધ કરેલા પાણીનો ખૂબ જ સરળતાથી અને સુરક્ષિત રીતે ઉપયોગ થઈ શકે તેમ છે.

આથી, પીવાના પાણીની મહત્તમ બચત કરવાના અભિગમ સાથે મનપાએ આ સંભવિત જળસંકટને પહોંચી વળવા માટે ટ્રીટેડ વોટરના વપરાશને કાયદાકીય રીતે ફરજિયાત બનાવવાનું નક્કી કર્યું છે. રાજકોટ શહેરમાંથી રોજ જે ગંદુ પાણી નીકળે છે તેને ટ્રીટમેન્ટ કરીને હાલ ન્યારી-૨ અને આજી-૨ જેવા નીચાણવાળા જળાશયોમાં વહેવડાવી દેવામાં આવે છે. પરંતુ હવે આ પાણીનો સદઉપયોગ કરીને કિંમતી પીવાના પાણીની કરકસર કરવા



માટે મનપાએ ગંદા પાણીના રિ-યુઝ (પુનઃ વપરાશ) માટેનું એક મજબૂત માળખું તૈયાર કર્યું છે. બિલ્ડરો માટે બાંધકામમાં, બગીચાઓ કે પ્લે ગ્રાઉન્ડના મેઈન્ટેનન્સમાં તેમજ ઔદ્યોગિક એકમો અને ખેતીવાડીમાં આ ટ્રીટેડ વોટરનો જ ઉપયોગ થાય તે માટેના કડક નિયમો કાગળ પરથી વાસ્તવિકતામાં લાવવામાં આવી રહ્યા છે. આ માટે મનપા દ્વારા અગાઉથી જ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું શુદ્ધ કરેલું પાણી માત્ર રૂ. ૧૩માં ૧૦૦૦ લિટર લેખે વેચવાનો મંજૂર થયેલો ઠરાવ પણ અમલી છે, જે કિંમત પીવાના પાણીના ટ્રાન્સપોર્ટેશન કરતાં ઘણી જ સસ્તી છે.

રાજકોટની અંદાજે ૨૦ લાખની જનતાની રોજિંદી પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે મનપા દ્વારા સ્થાનિક સ્ત્રોતો (આજી-૧, ન્યારી-૧, ભાદર, લાલપરી) અને નર્મદાની પાઈપલાઇન સહિતના તમામ સોર્સમાંથી દૈનિક આશરે ૪૪૫ એમએલડી (મિલિયન લિટર પ્રતિ દિવસ) જેટલું પાણી ઉપાડીને વિતરણ કરવામાં આવે છે. આ વિતરણ કરાયેલા પાણીની સામે શહેરમાંથી ભૂગર્ભ ગટર નેટવર્ક દ્વારા રોજનું અંદાજે ૨૩૬ એમએલડી જેટલું વેસ્ટ વોટર (ગંદુ પાણી) બહાર નીકળે છે. આશ્ચર્યની વાત એ છે કે, રાજકોટ મનપાના તમામ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કુલ પાણી શુદ્ધ કરવાની ક્ષમતા ૩૦૩ એમએલડીની છે, જેની સામે હાલ દૈનિક ૨૩૬ એમએલડી જેટલા ગંદા પાણીનું શુદ્ધિકરણ ઓલરેડી થઈ જ રહ્યું છે.

આટલી મોટી માત્રામાં ઉપલબ્ધ ટ્રીટેડ વોટર જો બાંધકામ અને ઉદ્યોગો તરફ વાળી દેવામાં આવે, તો પીવાના પાણી પરથી મોટો ભાર હળવો થઈ શકે તેમ છે. આથી, જળસંકટના આ કપરા સમયમાં જો નાગરિકો અને વ્યાપારી એકમો સ્વયંભૂ રીતે ટ્રીટેડ વોટરનો સ્વીકાર કરશે, તો જ શહેર આગામી ઉનાળા અને ચોમાસાના અંત સુધી પાણીની તંગી વિના ટકી શકશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)

૭.૮૫% થી
કાર લોન
• પ્રિ-ક્લોઝર / પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
• લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
ફિક્સ વ્યાજદર
• ૧૦૦% સુધી ધિરાણ સુવિધા • EV કાર માટે વિશેષ ઓફર
• ડૉક્ટર, CA, CS, સરકારી કર્મચારીને વિશેષ લાભ
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક
PROUDLY CO-OPERATIVE
સહકારથી સમૃદ્ધિ